ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૨ ૧ મે ૨૦૧૯ પાના-૧૬ વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી -વચનામૃત

મુંબઈ, બીજા અષાડ વદ ૧૦, સોમ, ૧૯૪૯

શ્રી કલોલ.

ભાઈ કુંવરજી,

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી, સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મોનું કારણ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું એ રૂડો ઉપાય છે. જો કે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.

જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઈચ્છાએ નહી, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઈ મમતા છે તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતાસ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનામાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે. સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિ:ખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.

**પ્રણામ પહોંચે.**

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૪૬૦**

### અમૃતબિંદુ

**કર્મની કુશળતા એટલે જ યોગ! કુશળતા દિલ લગાડીને કરેલાં કામમાં જ પ્રગટે છે અને નહીં કે દિલ ચોરીને કરેલાં કામમાં! ગોરા કુંભાર માટલાં ઘડતાં હતા, નામદેવ દરજી હતા, કબીર વણકર હતા, સેના નાઈ હજામ હતા, રૈદાસ ચમાર હતા, પરંતુ આ બધાંએ પોતાના કર્મને, કર્મયોગમાં ફેરવીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી!**

**- હરીભાઈ કોઠારી**

# ઈશ્વર મુઝે માર્ગ બતાયેગા-ગાંધીજી

મુઝે મોક્ષ મિલેગા એસી દશા અબતક મુઝે નહીં હુઈ હૈ, લેકિન મૈં એસા માનતા હૂઁ કિ મેરે વિચાર આજ જિસ સ્થિતિ કો પ્રાપ્ત કર ચૂકે હૈં, ઉસ સ્થિતિ મેં મૈં યહ શરીર છોડૂં તો પુનર્જન્મ એસા મિલેગા કિ તુરંત મોક્ષ મિલેગા. હિંદુ ધર્મ મેં એસી શ્રદ્ધા રખી ગઈ હૈ કિ એક જન્મ કે બાદ દુસરા જન્મ મિલતા હૈ. આત્મા કભી મરતા નહીં. ઈસલિએ મૈં ચિંતા નહીં કરતા કિ મૈં મર જાઉં તો મેરે કામ કા ક્યા હોગા. પ્રભુ કો મુઝે હજાર તરીકોં સે બતા દેના ચાહિએ કિ મૈં સત્ય-ધર્મ મેં વિશ્વાસ કરતા હૂઁ ઔર અગર ઉસકા કાર્ય કરને કે લિએ મૈં નાલાયક સાબિત હોઉં, યોગ્ય પાત્ર ન ઠહરું, તો મેરી પ્રાર્થના હે કિ વહ મુઝે વાપસ બુલા લે ઔર મેરી લાયકાત કે અનુસાર તથા ઉસકી ઈચ્છાનુસાર વહ મુઝે ફિરસે નયા રૂપ દે. મેરે અપને સિદ્ધાંત કે વિષય મેં મેરી શ્રદ્ધા અચલ હી હૈ. મેરા વિશ્વાસ હૈ કિ ઈશ્વર મુઝે માર્ગ બતાયેગા. મનુષ્ય કી યુક્તિ-બુદ્ધિ જહાઁ નહીં ચલતી વહાઁ સત્ય જરૂર ચલેગા। ઈશ્વર કો મૈં ઈતની પ્રાર્થના કરતા હૂઁ કિ વહ મુઝે સત્પથ સે લે જાય, મુઝમેં રાગ, દ્વેષ યા ક્રોધ કા છુપા છુપા અંશ ભી કહીં રહા હો તો વહ ઉસે શાંત કરે ઔર મુઝે એસા સંદેશ પહુંચાયે કિ જિસમેં સભી લોગ ઉત્સાહ સે ભાગ લે. મૈં ઉત્કટતા સે પ્રકાશ કે લિએ પ્રભુ સે પ્રાર્થના કર રહા હૂઁ. અગર મુઝમેં યહ ભરોસા હોગા કિ પ્રભુ કી ઓર સે મુઝે જરૂર સૂચન મિલેગા, પ્રભુ કી ખુલી સહાયતા કે બિના મેરી અસહાયતા કબૂલ કરને જિતની નમ્રતા અગર મુઝમેં હોગી તો વહ અંધકાર ભરે માર્ગ કો પ્રકાશમય બનાકર મુઝે રાસ્તા સુઝાયેગા.

મૈં તો ફકીર જૈસા હૂઁ। સચ્ચા ફકીર યા સચ્ચા સન્યાસી હૂઁ યા નહીં યહ મૈં જાનતા નહીં; લેકિન સન્યાસ મુઝે અચ્છા લગતા હૈ. બ્રહ્મચર્ય મુઝે પ્રિય હૈ; લેકિન મૈં સચ્ચા બ્રહ્મચારી હૂઁ ક્યા, યહ મૈ નહી જાનતા. એક બાલ કે સૌ ભાગ કરેં ઔર ઉસમેં સે એક ભાગ કા વજન કરેં, તો ઉસ વજન કી પરીક્ષા જિસ કાંટે સે હો સકતી હૈ, ઉસ કાંટે પર મેરી અહિંસા ઔર સત્ય દોનોં ચઢે હૈં. વે તો કભી અપૂર્ણ હો હી નહીં સકતે. મૈં જો ઉનકા પ્રતિનિધિ બના હૂં, ઉસકી અપૂર્ણતા અગર સિદ્ધ હોનેવાલી હૈ તો હોને દો. ઉસ હાલત મેં મૈં ઈતની આશા જરૂર રખતા હૂઁ કિ ઈશ્વર મુઝે ઉઠા લેગા ઔર દૂસરે કિસીકો સાધન બનાકર ઉસસે કામ લેગા. મેરે દેશવાસિયોં કો મૈં આજ જો સ્પષ્ટ નહીં કહ સકતા વહ કિસી દિન મેરે સામને અપને આપ સ્પષ્ટ હો જાયેગા; અથવા ઈશ્વરકી ઈચ્છા હોગી તો મેરે મુંહ મેં વહ કોઈ યથાર્થ શબ્દ રખેગા, ઉસકે દ્વારા અથવા કોઈ યથાર્થ કામ કરને કી વહ મુઝે પ્રેરણા દેગા, ઉસકે દ્વારા વહ સ્પષ્ટ હોગા. એસી અટલ શ્રદ્ધા સે અકેલે રહકર હી મુઝે કાર્ય કરના ચાહિએ, યહ સ્પષ્ટ હૈ. સબકે વિરોધ કે બીચ અડિગ રહને કા બલ ઔર સયાનાપન ઈશ્વર મુઝે દે. ઉસકે લિએ શુદ્ધતા દે સકે એસે સભી પ્રકાર કે બલ કી મુઝે જરૂરત હૈ; લેકિન મેરે વિચારો મેં મૈં અકેલા હી હૂઁ. ફિર ભી મૈં અવર્ણનીય આનંદ તથા મન કી તાજગી કા અનુભવ કર રહા હૂઁ. માનો ઈશ્વર સ્વયં હી મેરા માર્ગ પ્રકાશમય બના રહા હૈ, એસા મુઝે લગતા હે. મૈં અકેલે હાલ જૂઝ રહા હૂઁ, ઉસકા કારણ શાયદ યહી હોગા. સૃષ્ટિ મેં એસી સ્થિતિ લંબે સમય તક ટિક નહીં રહતી. યા તો પરિસ્થિતિ બદલેગી અથવા માર્ગ કા અવરોધ દૂર હોગા.

**- સૌ. શાંતિ સેવક, નવેમ્બર ૨૦૦૨ અંક**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ઈશ્વર મુઝે માર્ગ બતાયેગા | ગાંધીજી | ૨ |
| તંત્રી લેખ : | | |
| શ્રીમદ્જીને ઓળખીએ | રમેશભાઈ દોશી | ૩ |
| શ્રીમદ્ રાજચંદ્ર | પ્રિયમ્ | ૪ |
| મહાત્મા ગાંધીનો ટેક્નો મંત્ર | ભવેન કચ્છી | ૫ |
| માનવીમાં રહેલ શક્તિ | પરિત્રાણ | ૬ |
| શુધ્ધ વ્યવહારની જરૂર | સૌ. લોકસ્વરાજ્ય | ૭ |
| વૃક્ષપ્રેમી થિમક્કા | રીતેશ પોલડીયા | ૭ |
| જરા આંખમે ભરલો પાની | ચિરાગ ભટ્ટ | ૮ |
| માનસ કેન્સર કથા | મોરારી બાપુ | ૯ |
| મૌન એકાંત | સુભાષ ભટ્ટ | ૧૦ |
| નરસિંહ મેહતાની હૂંડી | મણિભાઈ પટેલ | ૧૩ |
| પહેલો સગો પાડોશી | ખલીલ ધનતેજવી | ૧૩ |
| શિક્ષકનું દાયિત્વ | વિમલા ઠકાર | ૧૪ |
| પ્રતિભાવ | - | ૧૪ |
| કવિતા | ગૌરાંગ ઠક્કર | ૧૫ |
| સાચી શ્રધ્ધા (વાર્તા) | સૌ. ધર્મદ્વાર | ૧૬ |


जागृर्त कोऽपि वसुधावलयेऽनसूय:
सन्मार्मिक:, प्रयतनं हि यदर्थमेतत्।।

આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

**- વિનિયોગ પરિવાર**

## તંત્રી સ્થાનેથી :

# શ્રીમદ્જીને સાચી રીતે ઓળખીએ

પૂ. મુનિશ્રી સંતબાલજીએ ખાસ તો પુષ્પાબેન મહેતા અને અન્ય મુમુક્ષુઓને પત્ર દ્વારા સાચી દિશાનું માર્ગદર્શન કરેલ છે. એ પત્ર વ્યવહારમાંથી શ્રીમદ્ રાજચંદ્રજી વિષે જેમાં કંઈક કહેલ છે એવું એક પુસ્તક ''સંતબાલ પત્ર સુધા:૨ - શ્રીમદ્ રાજચંદ્ર વિષે'' મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ દ્વારા ૧૯૮૩માં પ્રગટ કરેલ છે. આ પુસ્તકનો સ્વાધ્યાય કરતા એવો ભાસ થાય છે કે મુનિશ્રી શ્રીમદ્જીના અંતર આશયને સાચી રીતે સમજી શક્યા છે. શ્રીમદ્જીના અંતર પ્રવેશ માટે સાધકને આ પત્રો બહુ ઉપયોગી થઈ પડે તેવા છે. એમાંથી જ આ અવતરણો લીધેલ છે. **તંત્રી.**

''જે મહાત્મા ગાંધીએ યુગાનુરૂપ અને વિશ્વ વ્યાસપીઠમાં ચાલી શકે તેવા સત્ય અહિંસાના પ્રયોગો કર્યા હોય, તો એ જેમ એક તરફથી ભગવાન મહાવીરના જિનશાસનનું જ કામ છે, તેમ શ્રીમદ્જીના- જગત કલ્યાણ પોતાના શરીરથી જ થશે,''કરવા સત્યધર્મનો ઉધ્ધાર રે''- તે જ ગાંધીજીએ કર્યું છે. પણ જેમ શ્રીમદ્નું જાગતિક સ્વરૂપ ગાંધીજીએ પ્રગટ કર્યું તેમ એ જ બાકી રહી ગયેલું કામ આપણે સૌ એ મળીને કરવાનું છે.'' **પા.૧૦**

અમારા ગુરુદેવ પૂ. નાનચંદ્રજી મ.સ. સંત શિષ્ય પત્ર સુધા''ના પા.૪૬૧માં કહે છે, ''અનુભવને અર્થે સાધના કરવાની પ્રથા જ નષ્ટ થઈ ગઈ છે...... ખરી રીતે પોતાની જાતને શોધી એની શુદ્ધિ માટે સતત પ્રયત્ન કરનાર જ કાંઈ મેળવી શકે અને જે મેળવે તે જ કાંઈક આપી શકે.'' પા.૪૬૩ માં કહે છે..... ''વાતાવરણને આપણે સારુ શુધ્ધ કરવું છે. આ સાંપ્રાદાયિકતા-સંઘાડાના વ્યવહાર મને બિલકુલ અર્થ વિનાના લાગે છે. જિજ્ઞાસુએ સંપ્રદાયવાદ છોડવો જ રહ્યો લોક સંપર્ક જરૂરનો હોય પણ આત્મલક્ષ, આત્મજાગૃતિ નગ્નભાવ... મુંડભાવ... સાધુતાનું સ્મરણ કાયમ રહે તે બરાબર ગણાય...... અલાભ કરતા લાભનો પરિષહ વધુ કઠણ છે.'' **પા.૧૫૮**

કાકા કાલેલકર કહ્યું છે તે... તેતીસ વર્ષકી ઉમ્રમેં ચલ બસે, ઈસલિએ ઉન્હેં યુગાનુકુલ પૂર્ણ સાધના કરનેકા મૌકા નહિ મીલા...... વો યદિ પૂર્ણ આયુષ્ય ભોગ પાતે ઔર મહાત્માજીકા ભારતમેં ચલા હુઆ જીવનકાર્ય દેખ સકતે તો ઉનસે (શ્રીમદ્ રાજચંદ્રસે) આધ્યાત્મિક સાધનાકે નયે નયે પ્રયોગ દેખને કો મિલતે. **પા.૧૫૮**

શ્રીમદ્ કહે છે : ''...... સદભાગ્યે જીવમાત્રમાં આઠ રુચક પ્રદેશો તો ગમે તેવા ગાઢ કર્મોનો સંગીજીવ હોય તો પણ એ (આઠ પ્રદેશો) બધા કર્મોથી નિર્બંધ જ રહે છે. જો આમ છે તો સંતોનું મહાનિમિત મળતાં કર્મશૂરા માનવીઓ પણ ધર્મ શૂરા બની શકે છે; પછી આપણે કેમ ધર્મશૂરા ન થઈ શકીએ? હા, નમ્રતા અને નિખાલસતા હોવી જોઈએ. અભિમાન અને સ્વચ્છંદ જેવા પાયાના ગાઢ રોગો પણ સત્સંગનું અમૃત મળવાથી અવશ્ય દૂર થઈ જાય છે!''

આ પરથી સમજવું જોઈએ કે 'અનુભવી સન્યાસી દીક્ષા પામેલા સંતનો સંગ, તે જ સત્સંગ! બાકી તો વાચાસંગ ભલે થાય પણ સત્સંગ થાય જ નહીં! સ્વામી વિવેકાનંદ..... પૃ.૧૪માં લખે છે: ...... ''જેનું જીવન અન્ય જીવોના કલ્યાણ માટે વ્યતીત થાય છે તેનું જીવન સાર્થક છે..... ત્યાગી થયા વિના તેજસ્વી થવાશે નહિ.'' પૃ.૧૩માં તેઓએ સાફ સાફ કહી દીધું: પ્રેમથી ભરપૂર એવું ચારિત્ર અનેક વિઘ્નોરૂપી વજ્રસમાન સુદ્રઢ દિવાલોમાંથી માર્ગ કરી લે છે. પ્રેમમાં જ સર્વ શક્તિ છે... પ્રેમ હશે તો જ તમે સર્વ શક્તિમાન થઈ શકશો... સત્ ચરિત્રના બળ વડે જ મનુષ્ય સર્વત્ર વિજય પ્રાપ્ત કરી શકે છે.... ઈશ્વર શોધવા માટે તમે ક્યાં જાઓ છો? દરિદ્ર દુ:ખી, દુર્બળ એ શું તમારા ઈશ્વર નથી? પ્રથમ તેની ઉપાસના શા માટે નથી કરતાં?

વાત સાચી છે, સત્ય ધર્મનો જગ ઉધ્ધાર કરવા અર્થે તેથી તો તેઓ શ્રીમદ્ પોતે ત્યાગ, અનાસક્તિ અને સત્કર્મોનો સુયોગ જાળવવા માટે તો આંતરબાહ્ય નિગ્રંથતા સાધવા દીક્ષા માર્ગે જવા માગતા હતા. ખરો સત્સંગ શોધનારે આ રીતે દીક્ષા પામેલા ત્યાગી સન્યાસી અનુભવી સંતરૂપી મહાનિમિત પાસે જ તેઓને પ્રથમ તકે રાજી કરવા જવું પડશે.

આ અમારા ગુરુદેવની માનવતાવાળી વાત મેળવ્યા પછી માર્ગાનુસારીપણા વાળી શ્રીમદ્ની વાત આવશે અને ગાંધી વિચાર વિશ્વવ્યાપી બનાવવા સાચા ત્યાગી સંતે મોખરે રહેવું પડશે. તો જ વિશ્વમાં 'ભવ્યત્વ' વા 'મનુષ્યત્વ' ફેલાશે અને તેને અભિમુખ માનવો લેશે.

**સંતબાલ-પા. ૨૪૩/૨૪૪**

તમે તો જાણો જ છો કે શ્રીમદ્જીને વાડાબંધી પ્રિય ન હતી. આજે એમના જ નામના ઓઠે પ્રથમ '........' હવે તો તેઓ પોતે પણ શ્રીમદ્ના મુખ્ય માર્ગદર્શનને ભૂલી

કુંદકુંદાચાર્યના સમયસારના માધ્યમે આગળ વધ્યે ગયા છે. પ્રભુ કહે તો તેઓ બોલનારને શ્રીમદ્ આપતા હતા તેવો ઠપકો આપતા નથી. અને પછી તો 'લલ્લુજી મુનિ' પણ મુનિવેશ તજી રહ્યા. બ્રહ્મચારીજી ઘણા સજ્જન, પણ ચમત્કાર તજી ન શક્યા અને હવે તો આ ત્રણ નામો નીચે ઠેરઠેર વાડાબંધી પેદા થઈ છે. સદ્‌ભાગ્યે જિજ્ઞાસુ છે, પણ પૂજાસ્થાને આવ્યા પછી જેમ સૌ ભ. મહાવીરને પાછળ મૂકે છે તેમ શ્રીમદ્‌જી, લલ્લુજી, બ્રહ્મચારીજી વગેરેને પણ પાછળ ધકેલી જ દેવાના. સદ્‌ભાગ્યે ગાંધીજી અને ગુરુદેવ બંને પૂરા જાગૃત રહ્યા છે. આથી મહાવીર નગર આં. કેન્દ્રે આ વાડાબંધીને સ્થાને ધર્મમાં નવો પ્રાણ પુરવો પડશે. **સંતબાલ - ૧૫૯**

''શ્રીમદ્ રાજચંદ્ર : પ્રેરક પ્રસંગો'' માં શ્રીમદ્ મુખે આ શબ્દો છે... ''દુનિયા તો સદાય એવી જ છે, જ્ઞાનીઓ જીવતા હોય, ત્યારે કોઈ ઓળખે નહીં તે એટલે સુધી કે જ્ઞાનીને માથે લાકડીઓના માર પડે અને જ્ઞાની મૂઆ પછી તેના નામના પાણાને પણ પૂજે.

''લોક સંજ્ઞાથી લોકાગ્રે જ જવાતું નથી.'' એ શ્રીમદે તો કહ્યું જ છે, પણ બાહ્ય ભપકા અને ખર્ચાળપણું ધર્મ અને આધ્યાત્મિક્તાને નામે સુધ્ધાં માઝા વટાવતાં જાય છે. **૧૬૫**

''લોકો ભ. મહાવીરને ઓઠે કે હવે શ્રીમદ્‌ને ઓઠે પણ પોતાના અહંકાર (પ્રકાશંતરે આ ચીજને હું સ્વચ્છંદ કહું છું તે) ને જ પોષતા હોય છે.'' પોતે પૈસા યેન કેન પ્રકારેણ મેળવ્યા હોય તો, આજના યુગમાં શ્રીમદ્‌નું ઓઠું લઈ પોતાનો સૂક્ષ્મ અહંકાર પોષતા હોય તો તે ન બનવા જોગ નથી જ. અલબત, આપણે તો એ બધાંને પણ સાથે લેવા જ છે. એટલે જરાક કોઈ અભિમૂખતા બતાવે ત્યાં આપણે એમના પણ સંપર્ક વધારી આ આપણી આજના યુગની સમાજગત સાધનાની વાત ઠસાવવા પ્રયત્ન કરીએ જ છીએ. - **૧૬૬**

તમે લખો છો ''આટલો મોટો વિસ્તરતો જતો શ્રીમદ્ પરિવાર, ગુરુદેવ એમાં અંતરની ભક્તિવાળા કોઈ નહીં હોય? દયામય! એવું કેમ હશે કે જ્ઞાનીઓ જીવતા ઓળખાય નહીં? કે પછી જ્ઞાનીઓ પોતે જ અજ્ઞાત રહેવા ઈચ્છતા હશે? નહીં તો ભારત તો ધર્મની ભૂમિ છે... તો સાચા સંતો કેમ જલ્દી પરખાતા નથી?'' જલ્દી નથી પરખાતા માટે તો સાચા સંતોને આનંદ છે, આનંદ રહે છે. એમના પ્રયોગો તરત ન પરખાય, તે જ બરાબર છે; નહીં તો 'મોક્ષ' સાંકડો પડી જાયને? -**૧૬૮**

વ્યક્તિત્વ અને વિશ્વમયતા બન્નેને આ યુગમાં સાધવાનાં છે, અને વિજ્ઞાન વિકાસને કારણે તે સુલભ પણ છે જ. ખરી રીતે ચૈત્ય એટલે આત્મા. તેને બદલે ચૈત્ય મંદિર અને તે પણ માત્ર પ્રતિમારૂપનું મંદિર અને ત્યાં જ ભક્તિ વગેરે દ્વારા થતો માનવ મેળો એ આચરણની દિશામાં ધર્મનું મીંડુ બનવાની નિશાની છે. એટલે જ મહાવીર નગર આં. કેન્દ્રની અનિવાર્યતા ઊભી થઈ જાય છે. તો જે જડતા વ્યાપેલી છે અને ધર્મ વેરણ છેરણ થઈ ગયો છે તેમાં સાચી દિશાનો પલટો આવશે, જે આજના યુગે ખૂબ જરૂરી છે. **૧૬૯, મુનીશ્રી સંતબાલજી**

## શ્રીમદ્ રાજચંદ્ર

- માતુશ્રી કહે છે, ભાઈ ઉપરનો મોહ મને છૂટતો નથી. તેમનું શરીર સારું થયા પછી હું સર્વવિરતિ ગ્રહણ કરવા રજા દઈશ. (શ્રી. રા. જીવનકળા પૃ.૨૧૪)
- અમદાવાદમાં શ્રીમદે શ્રીદેવકરણજીને કહ્યું: ''સભામાં અમે સ્ત્રી અને લક્ષ્મી બંને ત્યાગ્યા છે. અને સર્વસંગ પરિત્યાગની આજ્ઞા માતુશ્રી આપશે એમ લાગે છે.'' (પૃ.૨૧૫)
- ૩૧ વર્ષના યુવાન રાજચંદ્રે સંસાર ત્યાગ કરીને સાધુ થવાનો નિશ્ચય કર્યો, આ પહેલાં પણ સંસાર ત્યાગનો વિચાર કર્યો હતો, પણ એમનાં માતાએ સંમતિ આપી ન હતી. સાધુ થવાના વિચારો મનમાં ઘોળાતા હતા, ને એ ગંભીર માંદગીમાં સપડાયા અને ૩૩ વર્ષની વયે જ કાળધર્મ પામ્યા. (શ્રીમદ્ રાજચન્દ્ર પૃ.૨૧, ૨૨)

**સવાલ :** જો શ્રીમદ્‌ની દિક્ષા થઈ હોત તો ?

**જવાબ :** તો આજે એમના પંથનું-એમના અનુયાયીઓનું સ્વરૂપ કાંઈક અલગ જ હોત. આ એક ખૂબ જ દુ:ખદ ઘટના થઈ, કે દીક્ષાનો મનોરથ સાકાર થાય એ પૂર્વે જ શ્રીમદ્ નું અવસાન થયું. જેનો દુષ્પ્રભાવ તેમની પાછળના સર્વ અનુયાયીઓ પર પડ્યો, છતાં જે તેમના જીવનને - દશાને - મનોરથને સમજે, તેમની અણગાર થવાની લગનીને સમજે અને આજે શ્રીમદ્ સ્વયં હાજર હોય, તો મને શું ઉપદેશ આપે, આનો વિવેક કરી શકે, તેવો તાત્ત્વિક અનુયાયી આજે પણ શ્રીમદ્‌ના ઉપદેશનું તાત્પર્ય પામીને મહાભિનિષ્ક્રમણ માટે - ચારિત્રના પંથે પ્રસ્થાન કરવા માટે - સાધુ બનવા માટે - સર્વસામર્થ્યથી પુરુષાર્થ કરે જ અને તેમાં સફળ પણ બની શકે.

**- પ્રિયમ્ , સૌ. ''પ્રેઝન્ટ ફીલોસોફી''**

# મહાત્મા ગાંધીનો ટેકનોમંત્ર

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક મીટિંગ પૂર્વે 'ઓક્સફામ' એજન્સીએ ભારતમાં સંપત્તિની વહેંચણી કઈ હદે અસમાન છે તેના ચોંકાવનારા આંકડા બહાર પાડ્યા છે. ભારતની કુલ સંપત્તિના ૫૮ ટકા તો માત્ર ભારતની વસ્તીના એક ટકા પાસે છે. અમેરિકા અને યુરોપના વિકસીત દેશોમાં પણ આવી જ સ્થિતિ પ્રવર્તે છે. 'ઓક્સફામ'એ જે તારણ નીકાળ્યું છે તેમાં એક નિષ્કર્ષ એ પણ છે કે ભારતના ૮૭ અબજોપતિ પાસે ૨૧૬ અબજ ડોલરની સંપત્તિ છે અને આટલી જ રકમ તળિયાના ૭૦ ટકા નાગરિકો પાસે છે. એટલે કે ૮૭ અબજોપતિ પાસે બાકીના ૭૦ કરોડ નાગરિકો જેટલી સંપત્તિ છે! વિશ્વનું ચિત્ર જોઈએ તો વિશ્વના આઠ અબજોપતિ પાસે વિશ્વના ૫૦ ટકા વસ્તીની માથાદીઠ જેટલી સંપત્તિ છે. વધુ ચિંતાની બાબત એ છે કે આવી સ્થિતિ વચ્ચે પણ ગરીબોની આવક ૧૫ ટકા ઘટી છે જે ગ્રાફ હજુ નીચે તરફ જવાનો છે જ્યારે અમીરોની આવકમાં એ હદે વધારો થતાં જાય છે કે ભારત અને વિશ્વમાં અબજોપતિ વધતા જાય છે. ૨૦૦૮માં ભારતમાં ૨૭ અબજોપતિ હતા. આજે ૨૦૧૮માં ભારતમાં ૮૭ અબજોપતિઓ છે. જો અબજોપતિઓના ઉદ્યોગો અને સંપત્તિઓનો વ્યાપ આ હદે વધતો હોય તો દેશમાંથી ગરીબોની, ખેડૂતોની, કારીગરોની આર્થિક પ્રગતિ કેમ નથી થતી? જુદા જુદા વિષયોના માસ્ટર ડીગ્રીધારીઓ બેકાર કેમ છે ? ભારતમાં જ નહીં વિશ્વભરમાં કોઈપણ સરકાર હોય પણ એક વાત સ્પષ્ટ બને છે કે દેશના નાગરિકો અને તેમના થકી થતી આવકને આબાદ રીતે દોહન કરી, યંત્રો (ટેકનોલોજી) ખરીદી તેમાંથી નાગરિકોને ઠેંગો બતાવવાનું સુઆયોજિત વૈશ્વિક ષડયંત્ર પ્રવર્તે છે. આપણે દેશના અબજોપતિના માથા વધે તેમાં ગૌરવ લેવા કરતા કરોડો નાગરિકો હજારોપતિ બને તે લક્ષ્ય રાખવાનું છે.

ટેકનોલોજી હવે આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટ યુગમાં પ્રવેશી ચૂકી છે. બધુ જ ઓનલાઈન ઉપલબ્ધ બનતું જાય છે તે પરિસ્થિતિએ રોજગારીના પડકારો સર્જાયા છે ત્યારે આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ, રોબોટ, ડિજિટલ, ડ્રાઈવરલેસ, કર્મચારીઓ વગરની ઓફિસ અને બજાર બનવા માંડશે ત્યારે ભારત સહિત વિશ્વમાં ભયાનક અંધાધૂંધી સર્જાઈ શકે તેમ છે. માનવતાના મૂલ્યો વિહિન વિજ્ઞાન, ટેકનોલોજી અને ઉદ્યોગને વિકાસ તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે તેની સામે લાલબત્તી ધરવાનો પ્રયત્ન છે. ફ્રાંસ જેવા વિકસિત દેશના લાખો નાગરિકો કોઈ પછાત આફ્રીકન દેશની જેમ મોંઘવારી અને અસમાન આવક, શોષણને વશ જાહેરમાર્ગો પર રેલી પ્રદર્શીત કરે તેવી કલ્પના હજુ ગયા વર્ષે પણ કોઈ કરી શકતું હતું? જો આમ જ ચાલતુ રહેશે તો વિશ્વના શ્રીમંતો અને નેતાઓને હતાશ અને રોષે ભરાયેલા ટોળાં તેમની કારમાં બેસીને પસાર થતા હશે ત્યારે ઉભા રાખીને તોડફોડ અને મારઝૂડ કરતા હોય તેવા દ્રશ્યો સર્જાશે.

'ઓક્સફામ' ના આ રીપોર્ટનું શિર્ષક જ 'An economy for the 99 percent' - વિશ્વના ૯૯ ટકા નાગરિકોનું અર્થતંત્ર હતું. અર્થતંત્ર અને સમાજશાસ્ત્રના વિશ્વના શ્રેષ્ઠ દ્રષ્ટાઓએ એવું સૂચન કર્યું હતું કે વિશ્વના ટેકનાક્રેટ્સ ઉદ્યોગપતિઓ વિજ્ઞાનીઓ, સંશોધકો, નેતાઓ અને નીતિવિષયક નિષ્ણાતોએ 'હ્યુમન ઈકોનોમી' એટલે કે માનવીય અભિગમને નજરમાં રાખી તેમના ક્ષેત્રને વિકસાવવાની જરૂર છે. નેતાઓ અને શ્રીમંતોની મતિ અને યંત્રની ટેકનોલોજીની ગતિ પર વિવેકની લગામ ખેંચવાની જરૂર છે.

ગાંધીજીને આપણે જન્મજયંતિ અને પૂણ્યતિથિએ યાદ કરતા હોઈએ છીએ. તેમના વિચારોની વર્તમાનમાં પ્રસ્તૂતિ પર તો થીસીસ લખાતા રહે છે. પ્રવચનો, સેમિનારોની તો હારમાળા યોજાય છે પણ તેમાં વક્તા અને શ્રોતાઓ બાપડા ૭૦ ટકામાં આવતા નાગરિકો જ હોય છે. જે અબજોપતિઓ અને ઉદ્યોગપતિઓ છે તે તો આવા મહોત્સવના પ્રાયોજક તરીકેના બેનરના રૂપિયા આપી દે છે. વક્તા અને નિષ્ણાતોને ઉજવણી પાર પાડવામાં જે વક્તવ્ય અને લેખનનું પ્રદાન આપ્યું તે બદલ ગાંધીજીના ફોટોવાળી કડકડતી રંગીન નોટથી ભરેલ અપાતા કવરમાં રસ હોય છે. ગાંધીજી પુસ્તકો, સંગ્રહાલયો અને પીએચડીનો 'સબ્જેક્ટ' અને 'ઓબ્જેક્ટ' છે. ગાંધી વિચારના અમલની જરૂર ૧.૩૫ અબજની વસ્તીમાંથી દેશના ૨૦૦ ઉદ્યોગપતિઓ અને ૫૦૦૦ નેતાઓને છે. વિશ્વમાં પણ ગાંધીજીની વિશેષ કરીને સમાનતા, અહિંસા અને સત્યના પૂજારી તરીકે જ ઓળખ છે. જેમ ભગવદ્ ગીતા માટે કહેવાયું છે કે માનવ જગતની તમામ સમસ્યાઓનો ઉકેલ તેમાંથી મળી રહે તેમ છે તે રીતે ગાંધીજીના વિચારોનો અભ્યાસ કરો તો પણ વર્તમાન વિશ્વને વ્યવહારૂ અભિગમ સાથે જીવવા લાયક બનાવવાનું તત્વદર્શન પ્રાપ્ત થઈ શકશે.

ગાંધીજીને યંત્રો વિશે જ્યારે પુછવામાં આવ્યું કે, આપ યંત્ર (મશીન-ટેકનોલોજી)ની વિરૂધ્ધમાં છો? આ પ્રશ્ન પર

સ્મિત કરતા ગાંધીજીએ જવાબ આપ્યો હતો કે ''હું કેમ યંત્રનો વિરોધી કોઈ શકું? જ્યારે હું જાણું છું કે આ શરીર પણ યંત્ર જ છે, રેડિયો પણ યંત્ર છે અને નાની દાંત ખોતરણી પણ યંત્ર છે. મારો વાંધો યંત્રો સામે નહીં પણ યંત્રોની ઘેલછા સામે છે. શ્રમનો બચાવ થાય છે ખરો પણ લાખો લોકો કામ વિનાના થઈ ભૂખે મરતા રસ્તા પર ભટકે છે. સમય અને શ્રમનો બચાવ હું પણ ઈચ્છું છું પરંતુ તે અમુક વર્ગનો નહિ, આખી માનવજાતિનો થવો જોઈએ. થોડા ગણ્યા ગાંઠ્યા પાસે સંપત્તિનો સંચય થાય એમ નહિ, પણ સહુની પાસે થાય એવું હું ઈચ્છું છું. આજે તો થોડા માણસોને કરોડોની કાંધ ઉપર ચડી બેસાડવામાં યંત્રો મદદગાર થઈ રહ્યા છે. યંત્રોના ઉપયોગની પાછળ પ્રેરક કારણ શ્રમના બચાવનું નથી પણ ધનના લોભનું છે... અત્યારની આવી અર્થ વ્યવસ્થા સામે મારી તમામ શક્તિ ખર્ચીને હું લડી રહ્યો છું.''

ગાંધીજી તે પછી ઉમેરે છે. યાંત્રિક સંશોધનો અને વિજ્ઞાન એ લોભના સાધનો મટી જવા જોઈએ. જો આમ થશે તો શ્રમિકો, કામદારો પાસેથી ગજા ઉપરાંતનું કામ કરાવવામાં નહિ આવે અને યંત્રો નડતરરૂપ થવાને બદલે સહાયતારૂપ થઈ પડશે. મારો ઉદ્દેશ્ય યંત્ર માત્રનો વિનાશ કરવાનો નથી પણ યંત્રોની મર્યાદા આંકવાનો છે.

ગાંધીજીએ એક વખત યંત્ર બાબત એમ પણ કહેલું કે આપણે જે કાંઈ કરીએ છીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ. માણસના અંગોને કામના અભાવે જડ અને નિરૂપયોગી કરી નાંખવા તરફ યંત્રોની શોધ-સંશોધનની વૃત્તિ કે પ્રવૃત્તિના ના હોવી જોઈએ. સમાજ હિતના મોટા કારખાના રાષ્ટ્રની માલિકીના હોય અથવા પ્રજાકિય સહકાર તરફથી ચાલતા હોય તેમ કરવું જોઈએ. (આઝાદ ભારતમાં તો જાહેર સાહસો, બેંકો અને સેવા ક્રમશઃ સુઆયોજીત ષડયંત્ર હોય તેમ ખતમ થઈ રહ્યાં છે.) ગાંધીજીએ ૧૯૦૮ માં એટલે કે ૧૧૧ વર્ષ પહેલા યંત્રો વિશે લખ્યું હતું તેનાથી સદંતર વિપરીત દિશામાં ભારત સહિત વિશ્વએ વાટ પકડી. ગાંધીજી કહેતા કે જ્યાં સંચા ત્યાં મોટા શહેર એટલે કે ગામડા અને દેશને તોડવાનું પણ તે કામ કરે છે. તેઓ જમણેરી કે ડાબેરી નહીં પણ વ્યવહારૂ અને મધ્યમ માર્ગી દ્રષ્ટા હતા. તેમનો કહેવાનો એક માત્ર મર્મ એ જ છે કે તમે કંઈપણ કરો પણ તેના કેન્દ્રસ્થાને બહુજન હિત હોવું આવશ્યક છે.

આજે તબીબી વિજ્ઞાન, ઓટો ઈન્ડસ્ટ્રી બેંકિંગ, કમ્યુનિકેશન, રિફાઈનરી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંરક્ષણ, ફાર્મા અને શોધ-સંશોધનોને માનવ જગતને અચંબામાં પાડી દીધું છે. પણ આ વિકાસે માનવ જગતને જ રોજગારી અને આર્થિક રીતે ખંખેરી લેવાનો ધ્યેય રાખ્યો છે. આનું કારણ જેમના હાથમાં જે તે ઉદ્યોગ કે સેવાનું આર્થિક રીતે એકમ છે તેમનું એકમાત્ર લક્ષ્ય માનવજગતને ચીરવાનું જ છે. ટેકનોલોજીનો આ માટે ઘાતક શસ્રની જેમ ઉપયોગ કરાય છે. આપણે ચીજ-વસ્તુ-સેવા અને ટેકનોલોજીનો લાભ લેવા આકરી રકમ ચૂકવવી પડે છે. રોજી જાય છે તે તેના કરતા પણ ચિંતાજનક બાબત છે. અગાઉ ટેકનોલોજીનો જે વિકાસ થતા ૫૦ વર્ષો લાગતા હતા તે હવે પાંચ વર્ષમાં શક્ય બને છે. દર બે-ત્રણ વર્ષે ટેકનોલોજીની જનરેશન બદલાય છે. વિશ્વભરના અર્થશાસ્રીઓ, ઉદ્યોગ પતિઓ, ટેકનોક્રેટ્સ, રાજકારણીઓએ અને સમાજશાસ્રી તેમજ ચિંતકોએ એક જ પ્લેટફોર્મ પર આવી સામાન્ય નાગરિક બંડખોર ના બની જાય તે માટેની સમતુલા કેળવતી વૈશ્વિક દિશા કેમ પ્રાપ્ત થાય તેનું ચિંતન કરવું જ પડે તેમ છે. સ્વયં શિસ્તની જે સ્વયં સંયમનો ગુણ નહીં કેળવાય તો વિશ્વભરના સામાન્ય નાગરિકો આંદોલન કરતા રસ્તા પર આવી જશે. અને... આ આંદોલન ગાંધી ચિંધ્યા માર્ગનું નહિ હોય!

**- ભવેન કચ્છી**

## માનવીમાં રહેલી શક્તિ ઈશ્વરનું બીજુ રૂપ છે

માનવીમાં રહેલી શક્તિ, ઈશ્વરનું બીજુ રૂપ છે. એ શક્તિને તમે ખોટી જગાએ વાપરશો તો ઈશ્વરનો ખોટો ઉપયોગ કર્યો ગણાશે. એ શક્તિ તમે બીજા હિત માટે વાપરશો તો ઈશ્વરની મદદ લઈને તમે બીજાની મદદ કરી હોવાનું ગણાશે. આમ શક્તિનો ઉપયોગ એ ઈશ્વરનો ઉપયોગ છે. તમે જો પરોપકાર માટે, બીજાની મદદ માટે અને સહાય માટે જ્યારે તમારી શક્તિ વાપરો છો ત્યારે ઈશ્વર રાજી રહે છે. તમારી શક્તિમાં ઔર વધારો કરે છે.

જ્યારે તમે તમારી શક્તિ એટલે કે પાવરનો ઉપયોગ બીજાને પીડા આપવા માટે કરો, બીજાને દુઃખ પહોંચાડવા માટે કે પોતાના અંગત લાભ માટે કરો ત્યારે એ દુર થઈ જાય છે. એ પછી તમે શક્તિહીન થઈ જાવ છો. શક્તિનો ઉપયોગ હંમેશા બીજાના ભલા માટે કરો. એવું નહીં કે આપણી શક્તિ આપણા જ કામમાં આવવી જોઈએ. ખરેખર તો આપણી શક્તિ જ્યારે અન્યના કામમાં આવે છે ત્યારે જ એનો ઉપયોગ થયો ગણાય છે.

માત્ર શારીરિક શક્તિ કદી કામમાં નથી આવતી.

**- સૌ. પરિત્રાણ**

## શુદ્ધ વ્યવહારની જરૂર

એક હતો સંન્યાસી, તે પ્રવાસ કરતો કરતો જંગલ ભણી જતો હતો. ખેડૂતની બાઈ પાસેના ગામથી વાસણમાં દૂધ લઈને સામેથી આવતી હતી. બાઈએ સાધુને જોયો, બાઈના મનમાં થયું, આ પવિત્ર સાધુ મહારાજ છે, ભૂખ્યા હશે, 'લાવને થોડું દૂધ એમને પીવા આપું!' સાધુ પાસે આવ્યા, એટલે બાઈએ એમને પગે લાગીને કહ્યું: 'મહારાજ, દૂધ પીશો?' સંન્યાસીએ હા પાડી. સંન્યાસીએ કમંડળ ધર્યું. બાઈ ભક્તિભાવથી દૂધ રેડવા લાગી, પણ બૈરાંનો સ્વભાવ હોય છે કે, દૂધ આપે પણ દૂધની ઉપરની તર ન આપે. એટલે આ ખેડૂત બાઈ ફૂંકતી જાય અને દૂધ કમંડળમાં રેડતી જાય. પણ ભોગ જોગે એક બાજુ ભેગી થયેલી તર ડબક દઈને દૂધ સાથે કમંડળમાં પડી ગઈ!

બાઈના દિલમાં ભક્તિ તો હતી, પણ પેલી તર પડી ગઈ એટલે સ્વભાવ પ્રમાણે તેના મોઢામાંથી 'એંહ!' બોલી જવાયું! સાધુ જાગ્રત હતો, સાધુ તરત જ બોલી ઊઠ્યો: 'બહેન, બંધ રાખ બાપા.' 'મારે તારું દૂધ નથી પીવું! બાઈએ આગ્રહ કરતાં કહ્યું : 'ના, બાપજી! દૂધ તો પીવું પડશે' 'શું થયું કે તમે ના પાડો છો?' સંન્યાસીએ બાઈને કહ્યું : બહેન એકલું દૂધ હોત તો પીવત, પણ આ દૂધમાં તો તારી 'એંહ' પડી છે! એ દૂધ હું પીઉં, તો આ સ્થૂળ શરીર તો મજબૂત થાય, પણ એમાં રહેલો આત્મા કઠોર થાય. શરીર તો નાશવંત છે, એટલે મોડું વહેલું બળીને ખાખ થઈ જવાનું. પણ આત્મા તો અમર છે, એ કઠોર થાય એ સારું નહિ.

આ દૃષ્ટાંત આપીને રવિશંકર દાદા કહે છે : આ વાત તો સામાન્ય છે, પણ એમાં ગંભીર અર્થ રહેલો છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ, તે કેટલી 'એંહ' વાળો આવ્યો હશે, તેનો આપણે વિચાર કરીએ છીએ ખરા? આજે આપણી આવક આવે છે, તે ક્યાંથી અને કેવી રીતે આવે છે એનો આપણે કદી વિચાર કર્યો છે ખરો? કેટલાક ઘી લેવા જાય છે, ત્યારે તપેલીમાં છાશ આવે કે તરત ઘી આપનારને અટકાવે છે. અને તરત જ બોલી ઊઠે છે : 'બસ કરો!' પણ ઘરમાં લક્ષ્મી આવે ત્યારે માણસો ઊંચું જુએ છે અને કહે છે : 'આવવા દો.' પણ ધન કેવી રીતે આવે છે, એને કદી વિચાર કરતા નથી! આપણે જે અન્ન ખાઈએ છીએ, તેનાથી એકલું આ શરીર નથી પોષાતું, આપણાં મન, બુદ્ધિ અને ચિત્ત પણ એનાથી પોષાય છે. તેથી કહ્યું છે ને - 'અન્ન તેવા ઓડકાર.' શુદ્ધ આહાર એટલે પવિત્ર અન્ન. પવિત્ર અન્ન એટલે ચોખ્ખાં પાણીથી સ્વચ્છ વાસણોમાં રાંધેલું અન્ન નહિ, પણ જાતમહેનતથી, કોઈનેય નુકસાન કર્યા વિના પેદા કરેલું, શુદ્ધ ભાવનાથી ભક્તિભાવપૂર્વક રંધાયેલું અને પીરસાયેલું અન્ન. - સૌ. **લોકસ્વરાજ**

## વૃક્ષો વાવવાં એટલે વિચારો વાવવા

**''સાંભળી રહેલા સ્વર્ગ સાથે વાતો કરવાનો પૃથ્વીનો અનંત પ્રયત્ન એટલે વૃક્ષો.'' - રવિન્દ્રનાથ ટાગોર**

કર્ણાટકના રામનગર જિલ્લાના હુલિકલ ગામમાં જન્મેલા થિમ્મક્કાના નસીબમાં શિક્ષણ લખ્યું જ ન હતું. કિશોરાવસ્થામાં તેમના લગ્ન ચિક્કૈયા નામના ગામના જ યુવાન સાથે થયા. પિતાના ઘરની આર્થિક સ્થિતી પણ સાધારણ હતી અને પતિના ઘરમાં પણ બધા જ સભ્યો મજૂરી કરે ત્યારે માંડ બે છેડા ભેગા થતા હતા. પતિની ગંભીર આર્થિક સ્થિતીમાં મદદરૂપ થવા માટે થિમ્મક્કાએ પણ પતિની સાથે પથ્થરની ખાણમાં મજૂરી શરૂ કરી અને એ સાથે શરૂ થયો જીવનભર ચાલનારો સંઘર્ષ. ૨૫ વર્ષના લગ્નજીવન પછી પણ દંપતિના નસીબમાં સંતાનનો યોગ ન થયો. ૮૦ ના દશકમા એક દિવસે ચિક્કૈયા અને થિમ્મક્કા ભરબપોરે આકરા તાપમાં મગડી તાલુકાથી પોતાના ગામ હુલિકલ ચાલીને જતા હતા. હુલિકલથી ચારેક કિલોમીટર દૂર પહોંચ્યા પછી થાક અને તાપથી ત્રસ્ત દંપતિએ ક્યાંક વિસામો શોધવા પ્રયાસો કર્યા. તેમણે વૃક્ષનો છાંયડો શોધવાની કોશીષ કરી, પણ આખા રસ્તા પર એકેય વૃક્ષ ન મળ્યું. આટલા વર્ષોમાં તેમને પહેલી વખત એવો અહેસાસ થયો કે ચાર-પાંચ કિલોમીટર લાંબા રસ્તા પર એક પણ વૃક્ષ નથી. રાહદારીઓને વિસામો મળે એ માટે તેમને આઠ-દસ વૃક્ષો ઉછેરવાનું નક્કી કર્યું. બીજા જ દિવસે ચિક્કૈયાએ વડના દસ રોપા મેળવ્યા અને બંનેએ એ રોપાને રસ્તાને કાંઠે વાવી દિધા.

બીજા દિવસથી એ દંપતિએ રોપાની સંભાળ લેવાનું પણ શરૂ કર્યું. દરરોજ પતિ-પત્ની ચાર માટલા લઈને ચાર-પાંચ કિલોમીટર દૂરથી રોપાને પાણી પીવડાવવા નીકળી પડે. રોપા વાવવાની શરૂઆતમાં ઘણા લોકો દંપતિની મશ્કરી કરીને કહેતા કે, વૃક્ષારોપણ તો સરકારી કામ છે, તમે નાહકની મહેનત કરો છો! આવી વાત સાંભળીને થિમ્મકા જવાબ આપતી કે અમારે સંતાનો નથી એટલે આ વૃક્ષો જ અમારા સંતાનો છે. સંતાનોને જાળવવા જેટલી મહેનત કરવી પડે એટલી જ મહેનત અમે વૃક્ષો પાછળ કરીએ છીએ. અમને ઘડપણમાં આ

વૃક્ષો જ વિસામો આપશે. ટીકા કરનારા તેમની વાતને હસી કાઢતા, પરંતુ થિમ્મક્કા અને ચિક્કૈયા માટે તેમના આ વૃક્ષો ખરેખર જ તેમના સંતાનો જેવા હતાં. ટીકા કે સલાહની પરવા કર્યા વગર બંને જણાએ એક દશકમાં ૧૫૦ જેટલા વડનાં વૃક્ષોની આખા રસ્તા પર હરીયાળી સર્જી દીધી. ૧૯૯૧ માં થિમ્મક્કાના પતિ ચિક્કૈયાનું નિધન થયું. પતિના મૃત્યુ પછી ૭૮ વર્ષીય થિમ્મક્કાએ થાક્યા વગર કામ ચાલુ રાખ્યું. તેમણે ૧૫૦ વૃક્ષોની સંખ્યા પછીના દોઢ દાયકામાં વધારીને ૪૦૦ સુધી પહોંચાડી દીધી.

પોતાના વિસ્તાર માટે આવું મૂલ્યવાન કામ કરનારા ૧૦૦ વર્ષીય થિમ્મક્કાને ભારત સરકારે ૨૦૧૯માં પદ્મશ્રીનો ખિતાબ આપીને સન્માનિત કર્યા છે. જે રસ્તા ઉપર એક સમયે એક પણ વૃક્ષ શોધ્યું જડતું ન હતું એ રસ્તા ઉપર આજે ૪૦૦ થી અધિક વડનાં વૃક્ષો જાણે થિમ્મક્કાનું સન્માન કરતા હોય એમ બાઅદબ ઉભા છે! થિમ્મક્કા દ્રઢતાપૂર્વક માને છે કે દરેક માણસે પોતાની પાછળ માનવતાની પૂંજી મૂકીને જવું જોઈએ. આટલો અસરકારક સંદેશો પોતાના વર્તનથી આપી શકતા આ અભણ ગ્રામિણ મહિલાએ પર્યાવરણ બચાવવાનું એકેય વ્યાખ્યાન સાંભળવાની જરૂર છે ખરી?

**- સંકલન : રીતેશ અરવીંદ પોલડીયા**

## જરા આંખ મેં ભર લો પાની...

દેશના શૂરવીર જવાનો દિવસ-રાત સરહદની રક્ષા કરે છે. એને કારણે દેશના સવા સો કરોડ લોકો ચેનથી જીવી શકે છે. એ જવાનો પર આતંકીઓ ગોળીબાર કરે, રોકેટ લૉન્ચરથી હુમલો કરે, પથ્થરમારો થાય તોય એ જવાનો લોકોના જાનમાલની રક્ષા કરે છે. ક્યારેક ફરજ બજાવતી વખતે એ શહીદ થાય અને એનો પાર્થિવ દેહ કૉફિનમાં એના વતનમાં મોકલવામાં આવે તથા એના વડીલ કે પુત્ર એનો અગ્નિસંસ્કાર કરે ત્યારે ટીવી પર એ દ્રશ્ય નિહાળી લોકોની આંખ ભીની થઈ જાય છે.

વડોદરાનાં પન્નાબહેન ઠાકોર ટીવી પર એવાં જ દ્રશ્ય નિહાળી લાગણીવશ થઈ જતાં. એમની સ્મૃતિમાં એ દ્રશ્ય લાંબો સમય અકબંધ રહેતું. ત્રણેક વર્ષ પહેલાં વડોદરાનો યુવાન સૈનિક દીપક પવાર શહીદ થયો. એની અંતિમયાત્રા સ્થાનિક ટીવીચૅનલ પર દર્શાવવામાં આવી. એ નિહાળી પન્નાબહેન ખૂબ ભાવુક બની ગયાં. એ સમયે એમના મનમાં માત્ર એક પ્રશ્ન ઉદ્ભવ્યો: એ શહીદની પત્ની અને બાળકનું હવે શું થશે? એ પ્રશ્ને પન્નાબહેનની ઊંઘ હરામ થઈ ગઈ. એ બેચેન થઈ ગયાં. આખરે એમણે નક્કી કર્યું કે એ શહીદની વિધવાને બનતી મદદ કરવી. એ માટે એક દિવસ એ ઘરેથી નીકળ્યાં. શહીદના ઘરે ગયાં. પન્નાબેને કહ્યું.

‘દીપક પવારના પરિવારના વડીલોએ પોતાની પુત્રવધૂને એના પિયર મોકલી આપેલી. એની સાથે એના દીકરાને પણ મોકલી આપેલો. પવાર પરિવારના વડીલો પાસેથી શહીદની પત્નીના પિયરનું સરનામું લીધું. એ પછી એ વિધવાને મળી. એને કમ્પ્યુટર કોર્સ કરવા જણાવ્યું. એ માટે રૂપિયા ૬૦૦૦ની ફી આપી. પછી એ યુવતીએ કમ્પ્યુટરના ક્લાસમાં તાલીમ લીધી. રૂપિયા ૩૫,૦૦૦ ભરી એના દીકરા રાજવીરને પ્લે સેન્ટરમાં દાખલ કર્યો. હવે એ વિધવાને કાયમી નોકરી મળે એ માટે સરકારી અને મિલિટરી ઑફિસમાં તપાસ કરું છું.’

શહીદ દીપક પવારની વિધવાને મદદ કર્યા પછી પન્નાબહેને ગુજરાતના શહીદ સૈનિકોના પરિવાર માટે આર્થિક મદદની ઝુંબેશ ઉપાડી છે. મૂળ અમદાવાદનાં અને બાળપણથી વડોદરામાં સ્થાયી થયેલા પન્નાબહેન ગ્રૅજ્યુએટ થયા પછી બી.એડ. કરીને શિક્ષિકા તરીકે નોકરી કરતાં. આજે એ અને એમના પતિ દુષ્યંતભાઈ નિવૃત્ત જીવન ગાળે છે. એમના બે દીકરા પરદેશમાં સ્થાયી થયા છે. હવે એમને માથે કોઈ જવાબદારી નથી. એમને મહિને રૂપિયા ૧૦,૦૦૦ નું પેન્શન પણ આવે છે. એ રૂપિયામાંથી હવે એ શહીદોના પરિવારને સહાય કરે છે. એ કહે છે :

‘દિવસે-દિવસે શહીદ, સૈનિકોની સંખ્યા વધી રહી છે. હું એકલી શહીદોના પરિવારોને આર્થિક મદદ કરું એ શક્ય નથી. એ ધ્યાનમાં રાખી મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મેં મદદ માટે અપીલ કરી છે. મારા એકેએક વિદ્યાર્થી એ માટે તૈયાર છે અને બનતી મદદ કરે છે. બીજું, હવે મારું કાર્ય જોઈ શહેરના કેટલાક લોકો આગળ આવ્યા છે. એ લોકો મારા મિશનમાં જોડાયા છે અને આર્થિક મદદ પણ કરે છે. શહીદો માટેના રૂપિયા અન્ય કામમાં ન વપરાય એ માટે મારા પરિવારના સૌને જાણ કરી છે. એ ઉપરાંત, મારા લૉકરમાં એક નોટ મૂકી છે, જેમાં લખ્યું છે કે મારા એકાઉન્ટના રૂપિયા શહીદ પરિવાર માટે છે માટે એ રૂપિયાનો ઉપયોગ અન્ય કામમાં કરવો નહીં.’

પન્નાબહેન કહે છે કે દેશના શહીદ જવાનોની બનતી મદદ કરો. ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપો.

**- ચિરાગ ભટ્ટ**

## માનસ કેન્સર કથા

તા.૮/૧૨ થી ૧૬/૧૨/૧૨ માનસ કેન્સર કથા કર્ણાવતી ક્લબ અમદાવાદમાં હતી, ત્યારે અમારું ચાર્તુમાસ અમદાવાદમાં હતું ત્યારે આ કથામાં નવે દિવસ હાજરી આપેલ. આ કથાના થોડા અંશો બાપુના મુખે નીકળતા હતા તેની નોંધ લખતા ગયેલા. તેનો આ ટુંકો ચિતાર છે.

**તંત્રી.**

**તા.૮/૧૨/૨૦૧૨**

સુનહુ તાત અબ માનસ રોગા
જિન્હ તે દુઃખ પાપ હી સબ લોગા
અહંકાર અતિ દુઃખદ ડમરૂઆં[૧]
દંભ કપટ મદ માન નેહ રૂઆ.

**૧ ડમરૂઆં - ગાંઠના રોગો.**

ધર્મ અનુષ્ઠાન હૈ, અર્થ અનુષ્ઠાન ન હો જાય. મેરી તો શબ્દ સાધના હૈ, બોલનેવાલા શબ્દ કા ઉપાસક હૈ, બોલતા નહી, બુલાતા હૈ.

તુલસીદાસજીને અહંકાર કો કેન્સર કહાં હૈ. ૧૫૦ જાત કા કેન્સર હૈ. માનસના સાતો સોપાનમે રોગી હૈ. કામને વાત, લોભને કફ, ક્રોધને પિત કહાં હૈ. માનસિક રૂપસે કોઈ બુધ્ધ પુરુષ કે પાસ જાઓ તો પતા ચલેગા કી આનંદ ક્યાં હૈ. રામકૃષ્ણ હો જાય તો સબ માનસિક રોગ નાશ પામી જાય. મનોરોગકે લીએ કોઈ વૈદ્ય મિલ જાયે. સદ્ગુરૂ વૈદ્ય વચન વિશ્વાસ-માત્ર શરત એટલી કે વચનમાં વિશ્વાસ. સદ્ગુરૂ વચન સુર્યકિરણ સમુહ હૈ. જો ભીતરી અંધકાર નાશ કરતી હૈ. મંજીલ પહુંચાતા હૈ કોઈ બુધ્ધ પુરુષ - કોઈ જાગતલ, ગુરૂકી મહિમા અદભૂત હૈ-કોઈ પાર નહીં પાતા. ગુરૂકૃપા હો જાતી હૈ તબ હરિના જન ગુરૂકૃપાથી પૂરા વિશ્વ વંદનીય ભાસે, કોઈના પ્રત્યે દ્વેષ ન હોય. સાક્ષરો-વિધ્વાનો-પંડિતો લખે તે ગમે પણ તેનાથી દુઃખથી મુક્ત ન થવાય. ત્રિજટા રાક્ષસીએ સીતામાને કીધું તમે તો રામને સેવ્યા છે, તમને શું દુઃખ હોય તેનાથી સીતાને સાંત્વન મળ્યું પણ દુઃખ મટયું નહીં. પણ જ્યારે હનુમાનજીએ વાત કરી ત્યારે સાચું સાંત્વન મળ્યું અને દુઃખ ગયું. એમ કોઈ જાગતલ-બુધ્ધ ભલે અઢી અક્ષર જાણતો હોય, છતાં જ્યારે તે બોલે-વાત કરે ત્યારે સાચું સમજાય અને એની અસર થાય.

**તા.૯/૧૨/૧૨**

તરતું મુકીને લખાણ ખસી જાવ બાજુમાં,
કાગળની હોડીને ધક્કો મરાય નહીં
નાનુ જરાક અનુસ્વાર રાખો હું ઉપર
આખો વખત વજન ઉઠાવીને ફરાય નહીં.

હું પોતે બંધાવા માંગતો નથી. મારા શ્રોતાને પણ બાંધવા નથી માંગતો. હરીના જન તો મુક્તિ ન માંગે, માંગે જન્મોજન્મ અવતાર, નિત્ય સેવા, નિત્ય કીર્તન, નીરખવા નંદકુમાર. દુઃખના ચાર કારણો. ૧. કાળ-સમય-ગ્રીષ્મની ઋતુમાં ગરમી હોય જ, ૨. કર્મ, ૩. તમો-રજસ-સતોગુણ, ૪. સ્વભાવ-હમારા સ્વભાવ હૈ, દુઃખ તો હજારો સુખનો ગુલાલ છે. કોઈ શુભવાંચન જિસસે વિવેક જાગે. જેથી સુખ ઉકસા ન પાયેગા. દૂસરેકા સ્વભાવ દુઃખી કરે તો એક ફોર્મ્યુલા-'ઈતના કહો યહ ઉસકા સ્વભાવ હૈ.'

ભગવત કથા ભજન હૈ, સત્સંગ હૈ, ષટદર્શન હૈ. મૈં સત્ય નહીં દે સકતા હું, સત્યકી પ્યાસ જગા સકતા હું-ઓશો. પ્યાસ જગ જાયે તો પ્યાસા સાગર ખોજ લેતા હૈ. સત્ય હસ્તાંરિત કરનેકી વસ્તુ નહી હૈ. રામચરિત માનસ સ્વયં એક ઔષધાલય હૈ. યહ દંડસંહિતા નહી હૈ, યહ દંડ નહી હૈ, યહ ઉપચાર હૈ- જિસકા મૂલ્ય નહીં ઐસી અમૂલ્ય ઔષધ હૈ. હું વ્યસ્ત છું પણ અસ્તવ્યસ્ત નથી. પ્રત્યેક વ્યક્તિ દશાંગ કાઢે તો કેટલું મોટું કામ થાય. કથા ખોખલા કર્મકાંડ નહીં હૈ. જીવન મેં જ્યાદા સે જ્યાદા આનંદ આ જાયેગા. સાધના કે પ્રચંડ અંધકાર મે ભી એક ઉજાલા હૈ.

- ભક્તિનું વરદાન સતપુરુષ દે સકતા હૈ. ભગવાનકી કથા સે ધીરે ધીરે સ્વદર્શન હોતા હૈ, અપની નિજતાકા પતા ચલા વો બોલ દિયા ''મો સમ કૌન કુટિલ ખલકામી' સ્વયં શરણમ્ ગચ્છામિ, મુઝે મુઝ તક પહુંચાના હૈ. ખુશ્બુ કો અધિકાર નહીં હૈ ગંદકી સે લડે, ખુશ્બુ સે ભરો-સ્વદર્શન કરો. જેમાં તમારું આવી બને એ કથા. હું થોડી ખલેલ પહુંચાડવા માંગું છું.
- કથા સમદર્શન કરાવે છે. ધીરે ધીરે વિષમતા દૂર કરાવે છે. વખાણ કરવા એ મારો સ્વભાવ નથી. સ્વદર્શન, સમદર્શન, સમદર્શિતાસે, આદમી મેં સમતા આતી હૈ.
- સતદર્શન-ધીરે ધીરે સત્ કા પતા લગતા જાતા હૈ. જેની જીભ ઉપર શાલીગ્રામ હોય તેની પાસે બધા આવે. ચપટી આપશો તો ધરાઈ જઈશ. મુઠી આપશો તો ઉભરાઈ જઈશ. પગ કરતાં મોટા નાના જુતા હોય તો ચાલ બદલાઈ જાય. સમાજમાં અમુક લોકોના જુતા મોટા થઈ ગયા છે, કાં નાના થઈ ગયા છે. માટે સમાજમાં આવું છે. અન્યથા આમ ન થાય.

શબ્દ દર્શન-સ્વદર્શન સે શુધ્ધ દર્શન તક પહુંચાતી હૈ કથા. આ કથા કેવળ ધર્મ અનુષ્ઠાન હૈ, સત્ય, પ્રેમ, કરુણા અનુષ્ઠાન હૈ. વિવેક જાગે તો ખુદ પતા લગ હી જાયેગા.

**તા.૧૦/૧૨/૧૨ :**

સત્ યુગ, ત્રેતા, દ્વાપર, કલીયુગ ચારે યુગ મે કથાકી મહિમા રહી. જાગ મચ્છંદર ગોરખ આયા, કથા સુનાને કલંદર આયા, દ્રષ્ટિ સુંદર, દ્રષ્ટિ કોણ, વિચાર ધારા, આચાર ધારા સુંદર હો. દ્રષ્ટિકી મહિમા હૈ. કૃષ્ણ શસ્રહીન આદમી હૈ, ઉસકી આંખે સુંદર થી, બડે બડે કે શીર ઝુક જાતે થે. દુશ્મન ભી અંદર સે તો ઝુક ઝાતા હૈ. ઈતને બદનામ હુએ હૈ જમાને મેં ઉસે સદીયો લગેગી હમે ભૂલાને મેં. જાતિ, વર્ણ, રંગ, દ્વેષ, ભેદ, ધર્મ, સંપ્રદાયકે નામ પર હમ કિતને સંકીર્ણ હો ગયે હૈ.

૧. હમે હમારે કર્તવ્ય કા બોધ હો, માનસ કર્તવ્ય બોધ દેતા હૈ. મૈં કર્તવ્યબોધ નિર્મિત કરના ચાહતા હું. ૨. વિવેક બોધ-રામકથા, વિવેક કા બોધ, આંખ દેખને કા બોધ, બોલનેકા, ઉઠનેકા સબ વિવેક કરાતી હૈ રામકથા કહી સરુચિ ભંગ ન હો. પૈરોમેં ઘુંઘરુ ન બંધા દે તો વો કથા કિસ કામકી-હરિકા અનુભવ ક્યા નહીં કરાતા. ૩. વૈરાગ્ય બોધ: એટલે ત્યાગ નહીં-શુભનો સ્વીકાર, શુભ કી માધુકરી કરના. શુભ ગ્રહણ કરો. શુભ આતે હી અશુભ મિટ જાતે હૈ. અંધેરા હટાને કી કોશિશ નહીં કરની હૈ. પ્રકાશ આયા કી અંધેરા ગયા. ૪. સ્થાન બોધ, ૫. ગતિ બોધ: ઈન્સ્ટન્ટ ધ્યાન સમાધિ, ધ્યાન મેં કુછ કરના પડતા હૈ, સમાધિ સહજ હો જાતી હૈ. યહ બોલના નહીં હૈ, બુલાના હૈ. ધ્યાનમેં ક્રિયા પ્રધાન હૈ. સક્રિય ધ્યાન- કાંઈ આવડતું નથી એ બધું ભણાવે છે. પટાવાળા માટે લાયકાત જોઈએ. પટા બાંધે છે એને કોઈ લાયકાતની જરૂર નથી એટલે રામકથાની જરૂર છે ; કરના પડે વો સમાધિ નહી, હો જાવે વો સમાધિ.

કેટલું ચાલવું એના કરતા ક્યાં અટકવું -ક્યાં રોકાવું એ મહત્વનું છે. સમાજ તો ફાડી નાખવા માટે ફૂક મારે. રામ સે અધિક રામકા નાતા ભક્તના ભજન ઉપર ભગવાન નભતો હોય છે. દીધેલ ક્યાંય જાય નહિ, બાપ ઈશ્વર પદ સ્વીકારે છે. કવિતા સ્વીકારે છે. મારી હુંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગીરધારી, મારે એક તમારો આધાર રે, શામળા ગીરધારી.

વાત પિત કફ ત્રિયોગ શરીર માટે આવશ્યક હૈ, પણ સમતોલ માત્રામાં જોઈએ. તીનો ઓવર થઈ જાય અને એક દૂસરે કે સાથ સંલગ્ન થઈ જાય તો માનવને સંન્નિપાત થઈ જાય. માત્રા અધિક ન હો. કામ જીવનકા એક સત્ય હૈ. હરિ રાસ્તે મેં હો તભી ભી દિખાઈ નહી દેતા, આદમી કો અંધકાર દેતા હૈ.

આરતી એટલે પીડા. સ્તુતિ કરનેવાલા નિંદા ભી કર સકતા હૈં. હરિ ઈચ્છા ભાવી પ્રબલ. જે ગમે જગદ્‌ગુરૂ દેવ જગદીશને તે તણો ખરેખરો ફોક કરવો, આપણું ચિંતવ્યું અર્થ કાંઈ નવ સરે, ઉદરે એક ઉદ્વેગ ધરવો.

અતિ દુષ્કર રોગ હોય તો તે અહંકાર એ બહુત બડી ગાંઠ હૈ. અવ્યક્ત ભયની ગ્રંથિ એ કેન્સર છે. હમ અદ્વૈત કે ઉપાસક હૈ, હમ અદ્વૈત કે અનુયાયી હૈ.

**- મોરારી બાપુ**

## મૌન-એકાંત :

## અપરંપારનો પદચાપ સાંભળવાની પાવક ક્ષણ...

## Every moment there is news coming out of silence - Rilke

### ❖ મૌન-એકાંત : અપૂર્વ વૈભવ

મૌન-એકાંત સ્વરૂપે અને સ્વભાવે વિચિત્ર છે. મૌન ક્યારેક સભાના ઘોઘાટ વચ્ચે ઉતરી આવે તો ક્યારેક હિમાલયના શિખરે પણ નથી મળતું. જ્યારે એકાંતનું એવું કે ટોળા વચ્ચે અનુભવાય અને રણમાં ટોળું ઉભરાય. પણ એક વાત નિશ્ચિત છે, સાધના કે સર્જન હોય તેના પાયામાં મૌન, એકાંત, પીડા અને સ્વૈચ્છિક અંધકારમાંથી કશુંક હોય છે. અન્ય સાથે સંવાદ રચવા વાણી જોઈએ પણ સ્વ-સંવાદમાં મૌન અનિવાર્ય છે. ત્યાં શબ્દ હિંસક અવરોધ બની જાય છે. સમજ ઉતરે ત્યારે શબ્દ આવે છે કે મૌન તે કહેવું અઘરું છે. ઘોંઘાટ અને ટોળાના કેન્દ્રમાં મૌન અને એકાંત પામવું તે અપૂર્વ વૈભવ છે. મૌન-એકાંત તરફનો કોઈ માર્ગ નથી કારણ તે સ્વયં એક માર્ગ છે. તેને પામવામાં સૌથી મોટો અવરોધ 'આ બધું હું' અને 'આ બધું મારું' નો છે. 'સ્વ' બટકણો અને બોલકણો છે. ઘોંઘાટીઓ ટોળાબાજ છે. આ સ્વમય ઘોંઘાટ શાશ્વત સાંભળવા જ દેતો નથી. એક સંશોધન એમ કહે છે કે કુલ વાતોનો ૪૦% વિસ્તાર તો સ્વની વાતો હોય છે.

### ❖ મૌન-એકાંત : જ્યાં શબ્દ-સ્વ પણ અવરોધ છે

આ સ્થૂળ અને સૂક્ષ્મ ઘોંઘાટનો જ યુગ છે. ફોન, ટી.વી., આઈ.પોડ, મોબાઈલ, નેટ વગેરેનો બાહ્ય બડબડાટ ચાલું જ રહે છે. અબજો ટન તથ્યો અને માહિતી ચિત્તમાં ઠલવાય છે. આપણે યાત્રા વિનાનાં નકશા જેવા, અનુભવ વિનાનાં ઠાલાં શબ્દો વચ્ચે જીવીએ છીએ. વિશ્વ આખું ચિત્તમય બન્યું છે. જાણે જીવવાનો

બીજો કોઈ આયામ કે આધાર જ નથી. પ્રત્યાયનના સાધનો વધ્યાં છે પણ સંવાદ ઘટયો છે. જેને કવેકર સંપ્રદાય 'અંદરનો ધીમો અવાજ' કહે છે તે સાંભળવાની તૈયારી, ધીરજ અને પવિત્રતા જ નથી રહી. સામાજીક સંદર્ભો, બૌધ્ધિક વ્યાખ્યાઓ અને સાંસ્કૃતિક પ્રતિબધ્ધતા પારની કોઈ નિરવ ક્ષણ અને અલૌકિક એકાંત મળતું જ નથી. કશું સમજ્યા વિના સમજાવવાની, કશે પહોંચ્યા વિના પહોંચાડવાની અને કશું પામ્યા વિના બધું હાથવગું કરવાની દોડ સ્થિર થવા દેતી નથી. ઉતાવળમાં હોય તે કોઈ સંસ્કૃત નથી, તેમ ચીની વિદ્વાનો માને છે. આશા, ઈચ્છા, સ્વપ્નો, મહત્વાકાંક્ષાનો સામાન ખૂબ છે. તેથી મૌનની કેડી પર નિર્બોજ એકલયાત્રા થતી નથી. આ ઘોંઘાટ-ટોળાથી માંદા પડેલનો ઉપચાર મૌન-એકાંત છે. પણ કોઈ હેતુ, ઈચ્છા પાર પાડવા સાધેલ મૌન એ મૌન નથી. જો શિસ્ત-દમનથી સાધેલ મૌન સાધન બને તો પ્રદૂષિત થાય છે. જ્યાં નિરિક્ષણ-પરિક્ષણનું કેન્દ્ર 'હું' છે, ત્યાં સુધી મૌન નથી. એકાંત-મૌન શોધનો 'હું' જ અવરોધ છું. વ્યક્તિની સ્મૃતિ અને સંસ્કારનો ઓછાયો મૌન-એકાંત પર પડવો ન જોઈએ. એ પણ ન ભૂલીએ કે એકાંતનો સંદર્ભ માત્ર વ્યક્તિ નથી અને મૌનનો સંદર્ભ માત્ર ધ્વનિ નથી. પરમ મૌન-એકાંત ઘોંઘાટ કે ગીર્દીનું ઓશીઆળું નથી. શબ્દાતીત પ્રત્યાયનોમાં શબ્દ પણ અવરોધ બને છે. જીબ્રાન કહેતો કે આપણી અંદરનું સત્ તો મૌન છે, પણ આપણું ઉપાર્જિત ભારે બોલકણું છે. ચાલો, મૌનને ઓળખવાની મથામણ કરીએ, એકાંતને સમજીએ.

### ❖ મૌન-એકાંત : પલાયન નથી, પસંદગી છે

શ્રી રમણ મહર્ષી કહેતા, "Silence is unceasing eloquence it is the best language". મૌન અંદરથી વહે છે, બધે વિસ્તરે છે અને સમગ્રને આવરી લે છે. મૌન-એકાંત પલાયન નથી, પસંદગી છે. તે કોઈ વિલાસ કે મજા નથી. તેને સાધન કે સાધ્યના વિવાદથી દૂર રાખવાની જરૂર છે. તે સત્ કે સત્તા નથી, માધ્યમ કે સંદેશ નથી. વિચારોના વલયો, સંવેદનાની લહરો, મનના આગ્રહો, ચિત્તની પ્રતિબધ્ધતા પારની તે અવસ્થા છે. ત્યારે વરસાદ પછીના આકાશ જેવું ચિત્ત હોય છે. જીવન ચૈતન્યની અંતરંગ ધારા સાથે એકાકાર થઈ જવાની તે ક્ષણ છે. જ્યારે જ્ઞાત-અજ્ઞાત પણ એક બને છે. આ પળે અહીંથી ત્યાં અને ક્ષણથી શાશ્વત એક થાય છે ત્યારે કશું બહિષ્કૃત કે બહાર નથી હોતું. બધું સામેલ હોય છે. પંખીનો કલરવ અને નદીનું ખળખળ પણ મૌનનાં સંયોજકો છે. તો અમાસ-પૂનમ, ભરતી-ઓટ, આકાશ-તારાઓ, વસંત-વૃક્ષો પણ એકાંતના જ રસાયણો છે. મૌન-એકાંતની અનંત છટાઓ છે. તેમાં સ્થૂળ-સૂક્ષ્મ, પદાર્થ-ચૈતન્ય, લૌકિક-અલૌકિક એવા ખંડો નથી. તેની વૈયક્તિક અને સામુહિક અર્થછાયાઓ પણ છે. ક્યારેક બે શબ્દો વચ્ચે તો ક્યારેક બે બ્રહ્માંડો વચ્ચે મૌન ઝળહળે છે. બુધ્ધનું અને બ્રહ્માંડનું મૌન સગોત્રી છે. ચ્યુઆંગત્ઝુ કહેતો 'જે ચિત્ત શાંત છે સમગ્ર બ્રહ્માંડ તેની શરણે આવે છે.' કદાચ તેથી જ એકહાર્ટની પ્રતિતી એમ કહે છે 'મૌન જેવું ઈશ્વરીય આ બ્રહ્માંડમાં બીજું કશું નથી.' શાંતિ સામાજીક રીતે ઉપચારક છે તો મૌન વ્યક્તિગત રીતે. શાંત રસ છે, મૌન અવસ્થા છે. પ્રેમ, ધ્યાન અને પ્રાર્થના મૌનના જ પર્યાયો છે. મૌન એવી પ્રાર્થના છે જે એકાંતના અભ્યારણ્યમાં થતી હોય છે. જ્યારે માહ્લલો કશુંક સાંભળે છે. કશુંક સંભળાવે છે. તે ઉજાસ અને ઉઘાડની પૂર્વસ્થિતિ છે. મૌન-એકાંત બધા સર્જન-સાધનાનું તત્વ-સત્વ છે. વ્યક્તિગત સર્જન-સાધનાના જન્મ પાવક અવકાશ છે. તાઓવાદી ચિંતક લાઓ-ત્ઝુ તો સ્વયં મૌનને જ શ્રેષ્ઠ પ્રાગટય ગણે છે. અલબત આ મૌન-એકાંતનો પ્રભાવ અત્યંત વ્યક્તિલક્ષી છે. એકાંત અને એકલાવાયાપણામાં ભેદ છે. એકાંતમાં આત્માની અમીરાઈ છલકે છે તો એકલવાયાપણામાં આત્માની ગરીબાઈ પ્રગટે છે. શી રીતે ? આવો જોઈએ થોડાં સાહિત્કારો...

### ❖ સર્જકો-સાધકો : યાત્રા એકલવાયાપણાથી એકાંતની

વિશ્વના અનેક વિચારકો, સાહિત્યકારો અને સર્જકો લાંબાગાળાના વ્યક્તિગત સંબંધોથી દૂર રહ્યા. હા, ક્યારેક ક્ષણભંગૂર અને અલપ-ઝલપ સંબંધો રહ્યા પણ મહ્દ્અંશે તેઓ એકલા રહ્યા. તેમણે સરેરાશ માણસો જેમ સુખ-દુઃખ વહેંચ્યા નહીં. તેમાં દકાર્ત, લૉક, પાસ્કલ, સ્પીનોઝા, કાન્ટ, લિબ્નીઝ, નિત્ઝે, શોપેનહોર, કિર્કગાર્દ, વિટગેઈન્સ્ટેઈન તો પરણ્યા જ નહીં. તો ન્યુટને બ્રહ્મચર્ય પાળ્યું. અલબત, એકલવાયા બધા જ અસ્થિર અને અસ્વસ્થ નથી હોતા. ભલે ફ્રોઈડ માને કે માનસિક સમતુલન માટે વિજાતિય સંતોષ અનિવાર્ય છે. આત્યંતિક આત્મરતી માંદગી હોઈ શકે. પણ વૈયક્તિક-સામાજીક અનુકૂલન એટલે માનસિક આરોગ્ય એ પણ અતિ સરળીકરણ છે. દરેકના એકાંતનું માપદંડ મનોવિજ્ઞાનિક અને સામાજીક ઓળખાણ અને સ્વીકારની જરૂર નથી હોતી. સંબંધો ક્યાંક બળ બને તો ક્યાંક નબળાઈ. દેખીતી રીતે સમાજથી દૂર રહેનારાઓ ઘણી વખત સમાજને ખૂબ આપે છે, આપ્યું છે. પ્રાથમિકશાળામાં બધા

થી અલગ રહેનારું બાળક હંમેશા સારવાર યોગ્ય છે, તેમ ન માનવું જોઈએ. એકલા રહેવાની ક્ષમતા દરેકમાં અલગ અલગ છે. ઘણાને પ્રેમમાં અપાર શ્રધ્ધામાંથી એકલા રહેવાની ક્ષમતા આવે છે તો શ્રી રમણ મહર્ષી, શ્રી રામકૃષ્ણ પરમહંસ, આર્થર કોસ્લર, વોલ્ટ વ્હીટમેન જેવાને બાળપણના એકાંતમાં જ સમાધિ જેવા અનુભવ થયા છે. સાંવેગિક, ચૈતસિક અને માનસિક પરિપક્વતામાંથી એકલા રહેવાની ક્ષમતા આવે છે. એકાંત-મૌન ઉપચારક છે. જ્યારે દુન્યવી સંઘર્ષો અને ત્રાસના અનુભવોનો અતિરેક થાય અને તેના પ્રત્યે અભાવ આવી જાય. તે સમયે એકાંત-મૌન વિશ્રાંતિધામ બની જાય છે. ફ્રાન્ઝ કાફકા લખે છે, 'અજાણ્યા લોકો અને સ્થળો વચ્ચે મારી છાતી ભિંસાય છે'.

સમત્વપૂર્ણ વિવેકનું સ્થાન જ્યારે અતિરેક લઈ લે ત્યારે અસ્વસ્થતાનો આરંભ થાય છે. બર્હિમુખતાના અતિરેકથી ઓળખ ખોવાય છે તો અંર્તમુખતાના અતિરેકથી વાસ્તવિકતા સાથેનો સંપર્ક તૂટી જાય છે. ઈ.સ. ૧૯૮૦ માં એક અભ્યાસ થયેલો, એકાંતવાસની સજા પામેલા ગુનેગારોનો. દસમાંથી સાતે આત્મહત્યા કરેલી. દોસ્તોએવસ્કી ઈ.સ. ૧૮૪૯ થી ૧૮૫૪ દરમ્યાન સાઈબીરીઆની જેલમાં રહેલો. તેની માટે તે સાંવેગિક એકલવાયાપણું હતું. આ દરમ્યાન તેણે ચિત્તના અંધારીઆ ખૂણા જોયાં. જે તેના પાત્રોમાં અભિવ્યક્ત થયા. ઘણા તો મૌન-એકાંત અસહ્ય લાગવાથી સ્વ સાથે જ વાતો કરતા હોય છે. તો ઘણાં વૃક્ષો, પ્રાણી, તારાઓ અને કાલ્પનિક પાત્રો સાથે વાતો કરે છે. તો જીસસ અને પયગંબર સાહેબનું પ્રગાઢ મૌન અલગ છે. ચિત્રકાર ગોયા અને સંગીતકાર બિથોવનને બહેરાશને લીધે એકાંત મળેલું પણ અભિવ્યક્તિ અલગ-અલગ છે. તિબેટના રહસ્યવાદી સાધકો માટે એમ કહેવાય છે તેઓ આશ્રમ સંભાળવા માટે એક 'સ્વ' સર્જતા. તેથી એક સ્વરૂપ એકાંત-મૌનની સાધના કરે અને તેનું બીજું સ્વરૂપ લૌકિક વ્યવહાર સંભાળે. સૂફીનું મૌન-એકાંત-અંધકારનું ઝિક્ર વધુ બળવાન. ઘણાં બૌધ્ધ સાધુ આજીવન એકાંત-મૌન લઈ લે છે. તો ચે બ્લીથ નામનો દરીઆખેડુ વરસો સુધી એકલો જ દરીઓ ઘૂમતો રહ્યો. એડમીરલ બાયર્ડ ઈ.સ. ૧૯૩૪ ના શિયાળામાં એન્ટાર્કટીકામાં એકલો જ રહ્યો, જીવનનો અર્થ શોધવા અને સમજવા. બાકી સામાન્ય માણસ જીવનનો ૩૩% સમય નિંદ્રામાં એકલો જ વિતાવે છે. દરેકને અર્થ નથી જડતો. ગ્રેહામ ગ્રીન તો કહે છે, 'લખવું એ તો ઉપચારક છે. મને આશ્ચર્ય થાય છે કે લખ્યા કે દોર્યા સિવાય લોકો પાગલપનમાંથી શી રીતે બચતા હશે?' નાત્ઝી યાતના છાવણીઓના લાદેલ એકાંતના તારણો આવા હતા; બૌધ્ધિક ક્ષમતા ઘટે છે, વૈચારિક સાતત્ય ખોરવાય છે, એકાગ્ર થવામાં મુશ્કેલી પડે છે, દીવા સ્વપ્નો વધે છે, એકલાં વાતચીત થાય છે, સૂચનવશતા વધે છે, ઈન્દ્રિયોભ્રમો થાય છે અને અતાર્કિક ભય વધે છે. જ્યારે આ તારણોને શ્રી અરવિંદના કે વોલ્ડન સરોવરના એકાંત-મૌનમાં રહેલા થોરો સાથે સરખાવીએ છીએ ત્યારે તે એકપણ સાચું નથી લાગતું. ખાલીપામાંથી આવેલ પલાયન અને પ્રજ્ઞા માટે કરેલ પસંદગીનાં એકાંતમાં ભેદ છે. બાર વર્ષની ઉમર પહેલાં મા-બાપનું મૃત્યુ પછી એકલવાયાપણું અને હતાશા આવી હોય તેવા ઘણાં સર્જકો છે : જહોન ડન, વિલીઅમ કોલીન્સ, કોલરીજ, એડગર એલન પો, જહોન બેરીમેન, લુઈ મેકનીશ, સિલ્વીઆ પ્લાથ વગેરે. આમાંથી કોલ્રીજ અફીણ તરફ વળ્યો, પો અને મેકનીશ દારૂડીઆ થયા. બેરીમેન અને પ્લાથે આત્મહત્યા કરી. માઈકલ એન્જેલો તેના ચિત્રો, શિલ્પા અને ત્રણસો કાવ્યો માટે વિખ્યાત છે. છ વર્ષે મા મરી ગયા પછી આત્મસજા જેવું એકાંત સ્વીકાર્યુ. તેનું સજાતિય વલણ હતું. અપરણિત જ રહ્યો. સર્જક-પ્રતિભા પર જેનો ઊંડો અભ્યાસ અને ચિંતન હતું તે આર્થર કોસ્લર સ્પેનની જેલમાં હતો. તેની નોંધમાં કેવું બળ છે. તેની નોંધપોથીમાં લખ્યું છે, જુઓ : અઢળક સ્વાતંત્ર્ય અનુભવાય છે.

- બેન્ક એકાઉન્ટસથી વિગતોમાં વ્યસ્ત રહેવાને બદલે અંતિમ વાસ્તવિકતા સાથે રૂબરૂ થવાય છે.
- અશુભમાંથી પણ શુભ પ્રગટે છે.
- માનવ જુસ્સો અવિનાશ્ય નથી પણ મુઠ્ઠીભર બહાદુરો નર્કમાં પણ સ્વર્ગની ઝાંખી કરી લે છે.
- સ્વયંના અંધકાર સામે ઉભા રહેવાની ક્ષમતા કોઈક માં જ હોય છે.
- બાહ્ય પડકારોથી અંદરની ખોજ આરંભાય છે.
- એકાંતમાં રહ્યા સિવાય સ્વયંની અનંત શક્યતાઓ અને અંતહિન ક્ષમતાઓ ચકાસી ન શકાય.

એકાંતથી કે એકલવાયાપણાથી આરંભાયેલ યાત્રા સર્જન તરફ દોરી જાય. અંત કોઈ પણ હોઈ શકે. નિત્ઝેનું પ્રચંડ જવાળાઓ સમું મૌન કે બુધ્ધનું શીતળ ઉપવન સમું મૌન પણ હોઈ શકે. મરણાધીન મન ઘટનાને સમયમાં જૂએ છે, જ્યારે અમરણાધીન આત્મા ઘટનાને શાશ્વતીમાં જૂએ છે. (**ક્રમશ :**)

**- સુભાષ ભટ્ટ**

## નરસિંહ મહેતાની હૂંડી

સંવત ૨૦૦૪નું ચોમાસુ નિષ્ફળ જતાં ગુજરાત સૌરાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો, ભાલનળકાંઠો તો તેમાંથી મુક્ત હોય જ શાનો ? ભાલમાં તો સારા વરસોમાં પણ પાણીની તંગી હોય છે. બારે માસ તળાવનું પાણી પીવાનું હોય છે અને આ વખતે તો તળાવમાં છાંટોય પાણી મળે નહીં. ખાવા માટે અન્ન મળે નહીં, ઢોરને માટે તણખલુય ઘાસ મળે નહીં. એટલે મહારાજશ્રીની પ્રેરણાથી ચાલતી ભાલ નળકાંઠા દુષ્કાળ સેવા સમિતિએ પોતાની ફરજ શરૂ કરી દીધી. સરકારની મદદથી પાણીની ટ્રકો ચાલુ કરી. રેશનીંગની દુકાનો તો ખોલાઈ પણ ઓછા ભાવે મરચું, મીઠુ, તેલ વગેરે ખાદ્યચીજો મળે તેને માટે ઠેરઠેર સ્વયં-સેવકો મારફત દુકાનો શરૂ થઈ, લોકલબોર્ડના સહકારથી ગામેગામ ખોદાણ કામ શરૂ કરાયું, ઢોરો માટે નિરણ કેન્દ્રો ઊભાં કરાયાં. આમ કુદરતની અવકૃપા સામે માનવીએ પુરુષાર્થ આદર્યો.

મુનિશ્રી સંતબાલજી પોતે માર્ગદર્શન આપતા, ગામેગામ ફરતા, ગાયો માટે ઘાસ ઊધરાવવામાં, બીન રેશનીંગ વસ્તુઓ મેળવવામાં માર્ગદર્શન આપતા. આમ છતાં જ્યાં આભ ફાટ્યું ત્યાં થીંગડું શે દેવાય ? ખોદાણ કામો ચાલતાં પણ તેનીય મર્યાદા, એક ગામમાં લોકોએ કામ આપવાની માગણી કરી, પણ કામ આપવું કેવી રીતે ? કમિટિની મંજૂરી જોઈએ અને મંજૂરી મેળવતાં તો વાર લાગે ત્યાં સુધી આ ભૂખ્યા લોકોનું શું? મહારાજશ્રીનું સંત હૃદય આ જોઈ ના શક્યું. કરુણાથી તેમનું હૃદય દ્રવી રહ્યું. તેમણે કમિટિની મંજૂરીની અપેક્ષાએ ખોદાણ કામની શરુઆત કરવા કહ્યું. બીજે ગામ ગયા તો ત્યાં પણ એ જ સ્થિતિ હતી. આમ લગભગ ૨૫૦૦ રૂપિયાનું કામ થયું. હવે એ પૈસા આપવા ક્યાંથી? કાર્યકરો મુંઝાયા. મહારાજશ્રીને પણ વિચાર તો આવ્યો કે લાગણીવશ થઈ જવાયું પણ એ સિવાય બીજો રસ્તો નહોતો. પણ એક ચમત્કાર થઈ ગયો. નવલભાઈ શાહ તે દિવસોમાં અમદાવાદ ગયેલા. રસ્તામાં એક ભાઈનો ભેટો થઈ ગયો. તેમણે એક કવર નવલભાઈના હાથમાં મૂક્યું અને ચાલતા થયા. નવલભાઈએ કવર ખોલ્યું તો બરાબર પચીસો રૂપિયા-સો સોની પચીસ નોટો અને એક કાગળની કાપલીમાં લખ્યું હતું કે મુનિશ્રી સંતબાલજીની ઈચ્છા પ્રમાણે આ રકમનો ઉપયોગ કરજો. કેવો યોગાનુયોગ! જ્યારે અહીં રૂપિયા ક્યાંથી મેળવવા તેની ગડમથલ ચાલતી હતી ત્યાં સાચોસાચ જાણે કુદરત મૈયા પ્રત્યક્ષ આવીને મદદ કરી ગઈ. **- મણિભાઈ પટેલ**

## પહેલો સગો પાડોશી

હઝરત અલીની પાડોશીમાં એક યહૂદી રહેતો હતો! એને કોઈ કારણસર પોતાનું ઘર વેચવાની નોબત આવી! એ યહૂદી ઘરાકને શોધતો હતો. એવામાં એક ઘરાક યહૂદી પાસે આવે છે. યહુદી પાસે આવતા પહેલાં એણે એક બે બીજા મકાનો પણ જોઈ રાખ્યા હતા અને ભાવતાલ પણ કરી ચૂક્યો હતો! એ ઘરાકે યહૂદી સાથે મકાન વિશે વાત કરી અને યહૂદીએ કહેલી મકાનની કિંમત એને વધારે લાગી. એણે કહ્યું પણ ખરૂં કે ફલાણા માણસનું ઘર પણ વેચવાનું છે, એ મકાન હું જોઈને પણ આવ્યો છું. એ મકાન તારા મકાનથી મોટું પણ છે અને તારા મકાન કરતાં સસ્તુ પણ છે! યહુદીએ કહ્યું કે મેં પણ એ મકાન જોયું છે. તું એ મકાન જોઈને આવ્યો છે એ પણ હું જાણું છું. અને એણે તને શું કિંમત કહી, એ પણ હું જાણું છું! યહૂદીની વાત સાંભળીને ઘરાકે કહ્યું કે, તમે એ મકાન જોયું છે. અને એની કિંમત પણ જાણો છો છતાં તમે તમે તમારા ઘરની કિંમત વધારે કેમ રાખી છે? યહૂદીએ કહ્યું કે મારા ઘરની વધારે કિંમત એટલા માટે માગું છું કે, હું તને માત્ર મકાન જ નથી આપતો, મકાન સાથે હઝરત જેવા પાડોશી પણ હું તને આપું છું. તારે મારૂં ઘર ખરીદવું હોય તો મકાનની સાથે સારા પાડોશીની પણ કિંમત ચુકવવી પડશે. ત્યાં તને આનાથી મોટું મકાન તો મળશે પણ હઝરત અલી જેવા પાડોશી નહિ મળે! ઘરાકના ગળે વાત ઊતરી ગઈ અને એણે યહૂદીને મોંમાંગી કિંમત પણ ચૂકવી! આપણા વર્તમાન સમાજમાં પણ નસીબદાર માણસને જ સારા પાડોશી મળતો હોય છે!

ચીન અને પાકિસ્તાન ભારતનાં નિકટના પાડોશી ગણાય પરંતુ એ ઠરતા પણ નથીને ઠરવા દેતા પણ નથી. ચીન અને પાકિસ્તાન જેવા લૂચ્ચાઓને પાડોશી કહેવા પડે છે, એ આપણી ભૌગોલિક મજબુરી છે. આવા પાડોશીઓ વચ્ચે માથું ઊંચુ રાખીને ''સર કટા સકતે હૈં લેકિન સર ઝુકા સકતે નહીં'' ની ખુમારી, અને બહાદુરી સાથે આપણે આપણાં અસ્તિત્વનાં પારખાં કરાવતાં રહીએ છીએ એ ભારતની શાન, શક્તિ અને સદ્ભાગ્ય છે. ભારતની આ શાન શૌકત આગળ શસ્રો અને પરમાણું શસ્રો ગૌણ બાબત છે. ભારતની સૌથી મોટી તાકાત એની એકતા અને માણસાઈ છે. ભારતે ક્યારેય માણસાઈ છોડી નથી. ભારતે જરૂર પડે ક્યાંક કોઈને સહાય કરી છે, પણ સામે ચાલીને કોઈને કનડગત કરી નથી! **- ખલીલ ધનતેજવી, ગુજરાત સમાચાર**

## શિક્ષક હોવું મોટું ઉત્તરદાયિત્વ

સ્વતંત્ર ચિંતનનાં બીજ દરેક વ્યક્તિમાં છે. અનુકૂળ સુવિધાઓમાં તે પાંગરી વિકસી શકે છે. માણસની પરાધીનતા માટે જ શિસ્ત પર જોર દેવામાં આવે છે. આવી શિસ્તની પ્રતિક્રિયામાં સ્વચ્છન્દતા જન્મે છે. સ્વચ્છન્દતા પરાધીનતાનો અનિવાર્ય પડઘો છે. એટલે શિક્ષણ બાહ્ય શિસ્તથી મુક્ત હોવું જોઈએ. તેણે તો વ્યક્તિમાં સૂતેલા વિવેકને જગાડવો જોઈએ. તે વિવેક આત્માનુશાસન બની જાય છે. સ્વચ્છન્દતાથી બચવું હોય તો સ્વતંત્રતા સિવાય કોઈ રસ્તો જ નથી. શિક્ષણ ચોક્કસ આવા આધારો અપનાવી શકે છે જે માણસને સ્વતંત્ર - આઝાદ - સ્વાધીન બનાવે. સ્વતંત્ર વ્યક્તિમાં જ આશા છે અને તેનામાં જ ભવિષ્ય છે. શિક્ષણનું કર્તવ્ય છે વિદ્રોહ શીખવવો, જેનો અર્થ છે મૂલ્યોમાં ક્રાન્તિ. માણસના જીવનમાં જે અશાંતિ, ભ્રમણા અને નિર્થકતા છે; જે કદરૂપતા છે, હિંસા અને ઈર્ષ્યા છે, તે ખોટાં મૂલ્યોનું પરિણામ છે. તો જીવનમૂલ્યો બદલવાં પડશે. તેના માટે એક ભારે મોટા વિદ્રોહની તૈયારી જરૂરી છે. ગંગાને પૃથ્વી પર લાવી શકવા માટે શિક્ષકે ઊંઘમાંથી જાગવું જ જોઈએ. શિક્ષકે માણસના આત્માને નિર્ભાર કરવાનો છે. જડ સંસ્કારોનો બોજો ચેતનાના બીજના અંકુરને ફૂટવા નથી દેતો. શિક્ષણ ભવિષ્યમુખી હોવું જોઈએ, ભૂતકાળમુખી નહીં. કોઈ પણ સર્જનાત્મક પ્રક્રિયા ભવિષ્યમુખી જ હોઈ શકે. શિક્ષણ એ છે જે અભય શીખવે અને વિદ્રોહની શક્તિ બક્ષે, અજ્ઞાતના પડકારનો સામનો કરવાની હિંમત આપે. ગળાકાપ હરીફાઈ નહીં, પણ પ્રેમ શીખવે. કોઈની કોઈ સાથે સરખામણી ભૂલ છે. સરખામણીમાંથી હરીફાઈ જન્મે છે. નથી કોઈ કોઈનાથીયે આગળ કે નથી પાછળ. નથી કોઈ કોઈનાથીયે ચઢિયાતું કે નથી ઊતરતું. દરેક તે જ છે જે તે છે, અને દરેકે તે જ થવાનું છે.

જે દિવસે શિક્ષણ વ્યક્તિની અદ્વિતીય અને અજોડ નિજતાના - પોતાપણાના સત્યનો સ્વીકાર કરશે તે દિવસે એક મોટી ક્રાન્તિનો સૂત્રપાત થઈ જશે. પોતાની સંભાવનાઓની પૂર્ણતયા ખીલવણી થાય તે સિવાય જીવનનો બીજો કોઈ આનંદ નથી. શિક્ષણના કાર્યની સમ્યક્ દિશા આ જ છે. શિક્ષણે મહત્ત્વાકાંક્ષા મુક્ત થવું જોઈએ. મહત્ત્વાકાંક્ષાથી મુક્ત, વર્ગરહિત અને શોષણ રહિત સમાજ હોઈ શકે છે. મહત્ત્વાકાંક્ષા જ તો હિંસક રાજનીતિનું ચિત્ર છે. મહત્ત્વાકાંક્ષા જ કાતિલ હરીફાઈ છે અને હરીફાઈ ઈર્ષ્યા છે. વ્યક્તિઓમાં અદેખાઈની દોડ છે. રાષ્ટ્રોમાં આ જ દોડ છે, અને આ દોડના છેવટનો અંજામ છે યુદ્ધ! એટલે શિક્ષણની પદ્ધતિ ધરમૂળથી બદલવી પડશે. પરીક્ષાઓને ખતમ કરવી પડશે. જ્યારે હરીફાઈનું સ્થાન પ્રેમ લે છે ત્યારે સફળતાની જગ્યાએ સત્યની પ્રતિષ્ઠા થાય છે! જીવનનું મૂલ્ય સત્યમાં છે, શિવત્વમાં છે અને સૌહાર્દ-મૈત્રીમાં છે. શિક્ષણ એ દ્રષ્ટિ આપે કે સત્યને ખાતર જેઓ મરી ફીટે છે તેઓ અમૃત પામે છે. શિક્ષક તે છે જે જિજ્ઞાસાને જગાડી દે છે; જે બાળકોને તેમના શ્રેયને સાધવાનાં સાહસ માટે પ્રેરે અને લલકારે છે. શિક્ષક થવું મહાન સાધના છે.

**- વિમલા ઠકાર, સૌ. કેળવણી વિમર્શ**

## પ્રતિભાવ-૧

મહાવીર નગર એક દિવસ રહ્યા અને થોડો સત્સંગ થયો તેના સ્વાદ અને સુવાસ હજીય છે. તમારું જાગૃતિપૂર્વકનું સાધુજીવન તમે પ્રસન્નતાથી આત્મસાત કર્યું છે અને સ્વરૂપાનુ સંધાનની યાત્રા નિજવેગથી પ્રવાહિત છે તેનો આનંદ અને રોમાંચ છે.

શ્રી શાંતિભાઈ ગડાને મળવાનું થયું છે, તે યાદ છે પછી તેમણે 'સુશીલ ટ્રસ્ટ' વિશે સુંદર નોંધ પણ ગોરક્ષા પાત્રમાં મુકેલી તે પણ ખ્યાલ છે. તેઓનું ચયન તેમના વ્યાપક્ વિશાળ વાંચનમાંથી પાણીદાર મોતીઓની પસંદગી રૂપે આવે છે તેની અનુમોદના છે. આવા વાંચનથી જીવનમાં બદલાવ કે ઉર્ધ્વિકરણની આશા તો આપણે રાખતા જ ન હોઈએ પણ કંઈ પ્રેરણા મળે અને સદ્-સાહિત્ય પાછળ સમય વપરાય તેય મહત્ત્વનું છે. સમયને યોગ્ય રીતે મેનેજ કરતા કે વાપરતાં નથી આવડતું તેથી સમય વ્યક્તિને જ વાપરી નાખે છે.

'સ્વચ્છતા યજ્ઞ'ની પત્રિકા પણ મળી છે. બરાબર છે અંદરના અવાજ મુજબ મથવું તે જ શ્રેયસ્કર. અંદરનો અવાજ રાગદ્વેષ અભિમાન રહિત હોય એટલે ભયો ભયો.

તમારી વાત સાચી છે. 'મોક્ષ હથેળીમાં છે, અને બાજી આપણા હાથમાં છે' એ માટે તમે જેવું સાહસ કરી શક્યા તેવું કરનાર ક્યાં છે? અને એવું જ્ઞાનનું અજવાળુંય ક્યાં પહોંચ્યુ છે? **- રમેશભાઈ સંઘવી-ભુજ.**


**ઓનલાઈન લવાજમ ભરવા માટે**

**લવાજમ ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર**
**બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા: મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

## પ્રતિભાવ-૨

તા.૨૨/૩/૧૯નો આપનો પત્ર 'મારે એક ડગલુ બસ થાય' મળ્યો. આનંદ અનુભવ્યો આપે પદયાત્રા-વિહાર કરવાનું નક્કી કર્યું. અને આત્માના અવાજને ઝીલ્યો. ભવોભવની યાત્રા આપણા જીવની ચાલે છે. મનુષ્ય અવતારમાં સમય ન વેડફાય તે ખાસ જોવાનું છે.

મતિ મંગલ હો- પ્રીતિ મંગલ હો.

જીવનની ક્ષણ ક્ષણ મંગલ હો.

જીવનની પ્રત્યેક ક્ષણ આપ તમામ જીવોના કલ્યાણાર્થે જ માત્ર ને માત્ર જીવો છો. આવા કેટલા જીવો હશે? પ્રભુ આપને નિમિત બનાવવા જ ઈચ્છે છે, એટલે પદયાત્રાનો આદેશ મળ્યો! મને આપ નિમિત્ત ન માનો, હું તો સુરદાસની કડી યાદ કરી લઉં છું કે 'મોં સમ કૌન કુટિલ-ખલ-કામી? છું.

તલગાજરડા આપ ચોમાસુ ગાળશો જાણી બહુ આનંદ થયો અને મન થાય તો છે આપની સાથે ચાલું પણ શરીર, આંખ (૧૦%) ને કાનની મર્યાદાઓ આવી ગઈ છે. હા, આ તરફ આવશો તો ભાઈ, હું આપને જરૂર મળવા આવીશ.

ગૃહસ્થીના ઘરે ઉતારાની વાત બહુ ગમી. એક કુટુંબને આપ વિચાર સ્પર્શ કરાવી શકો. તે ધન્ય બની જાય-રોજે રોજ આમ પરિવાર નિવાસ બદલાય-ટીપે ટીપે સરોવર ભરાય. સંગીન કાર્ય એથી થાય જ. મારી આપને શુભેચ્છાઓ સદા રહેશે. ચિંચણીથી આવ્યા બાદ હું ''ૐ મૈયા શરણંમમ્'' રટતો રહું છું ને આપનું અભિયાન સફળ થાય તેવી પ્રાર્થના પંચશીલ સાથે કરતો રહું છું. ચિંચણીની સફરની તે ફલશ્રુતિ છે. જીવન-કાળ પળે પળે પરિવર્તનશીલ છે તેને સ્વીકારી ચાલે છે તે જીતે છે, ધન્ય બને છે આપે કોઈ ક્ષોભ વિના તે સ્વીકારેલું જ છેને? મને કચ્છ પ્રદેશના એક સિંધી સ્વર્ગસ્થી નિસર્ગોપચારના શબ્દો યાદ આવે છે, જે જે.પી જન્મ શતાબ્દી વાહન યાત્રા વખતના (૨૦૦૨) છે. ઝુકો મત, લટકો મત, રૂકો મત.

હાલ શરીરથી ચાલતા રહેવું પછી મનથી ચાલવાનું તો છે જ ''સાધુ તો ચલતા ભલા''

**- ચીમનભાઈ પુંજાભાઈ પટેલ, તારાપુર**

## <u>લવાજમ મળેલ છે.</u>

| | | |
|---|---|---|
| ૧. રસિક શુક્લ | ઘાટકોપર | ૨૦૦/- |
| ૨. હરીશ ચોવટિયા | ચેમ્બુર | ૧૦૦/- |
| ૩. ભાવેશ નાયક | વલસાડ | ૨૦૦/- |
| ૪. મોહન ઓપ્ટિશિયન | વલસાડ | ૨૦૦/- |

## દાંડી

ગામે ગામે સુભગ કરતા લોક હૈયે વિસામા
વાઘે આગે, દશ દિશ મહીં પ્રાણધારા ઉડાવી.
જાગ્યા સોયે નિજ હિત જતો પેખીને રાષ્ટ્રદેવ,
એ યાત્રાએ જગવી સહુમાં પ્રેમની માતૃસેવ.
પહોંચ્યા દાંડી નિકટતવ, સંગ્રામ સંદેશ દીધો :
'આજે આવ્યો સમય ! સઘળે યુદ્ધ ડંકા બજાવો!
કૂડા ધારા દફન કરવા, આજ મીઠું પકાવો!'
ને પોતેયે ટુકડી સહ ત્યાં સિંધુમાં સ્નાન કીધું,
પ્રાત:કાલે કુદરત દીધું મુક્તિ મીઠું ઉપાડ્યું.
ને લઈને નમક ચપટી રાજ્ય જુલ્મી ઉખાડ્યું.
ચારે કોરે વિમલ જગવી પ્રાણ રેલંત ક્રાંતિ,
દીપી ઊઠી સરલ સ્મિતથી દાંડીની પુણ્ય ભુમિ,
દીવાદાંડી જળ ઝબૂકતી દાખવે જહાજ પંથ,
દીવાદાંડી ધ્રુવ બની રહ્યો વ્યોમ આધાર સ્તંભ.
દીવી, તારા, ઉભય પસરે સાગરે સૌમ્ય ક્રાંતિ,
ને દાંડીયે પથ વિતરશે વિશ્વને સૌખ્ય શાંતિ.

**- ઉમાશંકર જોશી ('વિશ્વશાંતિ'માંથી)**

## આવશ્યક સૂચનાઓ

ગૌરક્ષાપાત્રની પ્રીન્ટ કોપી ડિસેમ્બર ૨૦૨૦ પછી ન છાપવાનો નિર્ણય તંત્રી મંડળે અનિવાર્ય સંજોગોવશાત્, ભારે હૈયે લીધો છે એટલે ડિસેમ્બર ૨૦૨૦ પછી ગૌરક્ષાપાત્ર ફક્ત તેની **Website:www.gorakshapatra.org.** પરથી જ વાંચી શકાશે.

ગૌરક્ષાપાત્ર ચલાવવા અમારી પાસે પુરતુ ભંડોળ છે માટે હવેથી લવાજમની રકમ (૧૦૦ રૂા./ ૨૦૦ રૂા.) થી **<u>વધારે રકમ કોઈએ મોકલવી નહિ.</u>**

જે ગ્રાહકોનું લવાજમ જૂન ૨૦૧૯ માં પુરૂ થાય છે તેમણે ૧૫ જૂન પહેલા લવાજમ મોકલી આપવા વિનંતિ. જે વાંચકોને ''ગોરક્ષા પાત્ર'' ભેટ નકલ રૂપે મળે છે. તેઓ પણ લવાજમ ભરીને ''ગોરક્ષા પાત્ર'' ના ગ્રાહકો બને એ ઈચ્છનીય છે. **- લિ. સંપાદક મંડળ**

**<u>પદયાત્રા સમાચાર</u>**

**તા.૦૬.૦૪.૨૦૧૯, ગુડીપડવાના શુભ દિને શ્રી રમેશભાઈ દોશીએ ચિંચણીથી તેમની પદયાત્રા શરૂ કરી. દહાણુ, ઉમરગામ, વલસાડ થઈને તેઓ આજે (તા.૧૯.૦૪.૨૦૧૯ના) નવસારી પહોંચ્યા છે. રોજના ૧૦-૧૨ કિ.મી. ચાલે છે અને તેમનું સ્વાસ્થ્ય એકંદરે સારુ છે. હવે તેઓ પોતાની યાત્રા દાંડીથી સાબરમતી આશ્રમ, અમદાવાદ સુધી આગળ ધપાવવાની ઈચ્છા ધરાવે છે. - લિ. શાંતિલાલ ગડા, સહ-સંપાદક**

## સાચી શ્રધ્ધા

હું અમુક ગરીબ ભૂખ્યા લોકોને કશુંક ખાવાનું આપવા માટે ફરસાણ-મિઠાઈવાળાની દુકાનેથી બુંદીના ૧-૧ લાડુ અને ગાંઠીયાના ૫૧ પડીકા બંધાવીને સવારના પહોરમા સ્કુટર ઉપર નીકળી પડયો. થોડાક પડીકા રસ્તામાં આવતા-જતાં ભિખારીઓને આપતો આપતો રેલ્વે સ્ટેશન પહોંચ્યો, કારણ કે ત્યાં અથવા મંદિરે જ વધારે ભિખારીઓ મળી રહે... ભજીયાં, સીંગ ચણા વગેરેની લારીઓથી થોડે દુર, એક ઝાડ નીચે, એક ભિખારણ બે નાના છોકરાઓ લઈને બેઠી હતી. મેં તેની નજીક જઈને તેને વ્યક્તિદીઠ ૧-૧ એમ ત્રણ પડીકા આપ્યા, અને હજી તો સ્કુટરની કીક મારવા જાઉં તે પહેલાં પેલી ભીખારણે ''ઓ... સાયેબ... અરે...ઓ.. શેઠ'' બુમો પાડીને મને રોક્યા. પાસે આવીને મને કહે કે, ''સાયેબ, તમુયે તૈણ જણના તૈણ પડીકા આપીયા, પન આ નાલ્લો તો હજી હાત મ્હૈનાનો જ થ્યો છે... ઈ કેમના ખૈ હખવાનો ? લો આ એક પડીકું પાછું લૈ જાવ. કોક બચારા મારાથી વધારે ભુખ્યાને કામ લાગશે.''

મારી આંખોમાં આંસુ આવી ગયા. (કેટલી ઈમાનદારી ?) છતાં એની પરીક્ષા કરવા માટે મેં પુછ્યું કે, ''જો આ પડીકું તેં તારી પાસે રહેવા દીધું હોત, તો તને સાંજે ખાવા કામ લાગેત. શું તારી પાસે સાંજના ખાવા માટેની કોઈ વ્યવસ્થા છે ? તું શું ખઈશ ? છોકરાને શું ખવડાવીશ ?...'' તેણે હાથ જોડીને જે જવાબ આપ્યો તે સાંભળીને મને તેના ચરણસ્પર્શ કરવાનું મન થઈ ગયું, તેણે કીધું કે, ''શેઠ..... સાંજની કે કાલની ચિંતા કરવાનું કામ મારૂં નથી, ઉપરવાળાનું છે અને તે જે આપે છે તેટલું જ મારૂં છે, (ભગવાન ઉપર કેટલી શ્રદ્ધા છે.) ... જો મારા નસીબમાં હશે તો અહીં જ ઝાડ નીચે બેઠાં-બેઠાં પણ તમારા જેવા કોઈ ગાડીવાળાને નિમીત્ત બનાવીને પણ અમારૂં પેટ ભરશે, પણ તે માટે હું બેઈમાની તો નહીં જ કરૂં. મારા નસીબનું હશે, તેટલું જ મને મળશે, નહિતર તમે આપેલુ આ પડીકુ પણ કોઈ કુતરૂં કે કાગડો આવીને ખેંચી જશે. (કેટલો સંતોષ)

જો ભગવાને મને મારા કર્મોના હિસાબે આ ભિખારણનો દેહ આપ્યો છે તો તેમાં જ મારૂં ભલુ હશે અથવા તેજ મારૂં નસીબ હશે, નહિંતર હું અત્યારે ગાડીવાળાના ઘરમાં હોત...!!!''

કેવો સરસ માર્મિક જવાબ છે, પોતાની પાસે કશું જ નથી તોય કાલની સાંજની ચિંતા નથી, અને આપણને ભગવાને એટલું બધું આપી દીધું છે કે આપણને તે સાચવવાની ચિંતા છે.. શેમાં પૈસા રોકું તો જલ્દીથી વધે ? ૨૫ વર્ષ પછી પાકીને કેટલાં થશે, તેવી ગણતરી કરીને રોકાણ કરીએ છીએ... ૨૫-૩૦ વર્ષનું મોરગેજ, ૨૫ વર્ષ પછી ઈન્સ્યોરન્સમાંથી કેટલા પાછા આવશે, તે ગણીને આજે ભીડ ભોગવીનેય કાલ માટે બચાવીએ છીએ, અને ભગવાન ઉપર શ્રધ્ધાની મોટી મોટી વાતો કરીએ છીએ..!!!

**- સૌ. ધર્મદ્વાર**

**।। સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,**
**સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો।।**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**To,**